
||હરિઃૐ||

# દક્ષિણ ભારતનાં સ્વજનોને

# સંબોધન



- પૂજ્ય શ્રીમોટા

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

||હરિઃૐ||



# શ્રીમોટા કહે છે કે....

- દક્ષિણ ભારત સાથે મારા શરીરનું ઋણ છે.
- દક્ષિણ ભારતમાં ભાવના જીવતી છે. એ ભાવના નૃત્ય, સંગીત અને કળા દ્વારા વ્યક્ત થાય છે.
- 'હરિ' (શ્રી હસમુખભાઈ ઉર્ફે લાલાજી ગોપાલદાસના પુત્ર) એક જન્મમાં મારો ગુરુ હતો. મારા ઉપરનું એનું ઋણ મેં ચૂકવી દીધું છે.
- મને પાસેનાએ સ્વીકાર્યો નથી. એમનામાં એવી પ્રેમભક્તિ પ્રગટેલી નથી.
- તમારી સાથેના સંબંધમાં મારા જીવનનો કોઈ હેતુ છે. આ જન્મમાં તે ફળાવી શક્યો નથી, કારણ કે તમારી લાયકાત નથી.

અનુસંધાન ટાઈટલ પેજ –૩

॥ હરિ:ૐ ॥

દક્ષિણ ભારતનાં સ્વજનોને

# સંબોધન

– શ્રીમોટા


● સંપાદક ●

શ્રી રજનીભાઈ બર્માવાલા



હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

❑ © હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ

❑ **આવૃત્તિ વર્ષ પ્રત**

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૨૦૦૬ | ૬૦૦૦ |
| બીજી | ૨૦૧૪ | ૨૦૦૦ |

❑ પૃષ્ઠ : ૬૭

❑ કિંમત : **રૂ. ૫/-**

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

(બીજી આવૃત્તિ)

પિતાના સુસંસ્કારો થકી પૂજ્ય શ્રીમોટા પ્રત્યે
અતૂટ શ્રદ્ધા સાથે સાહસ અને હિંમતભેર જીવનના
કપરા સંજોગોનો સામનો કરી સ્થાયી થનાર,
સતત ઝઝૂમીને પણ હાર ન માનવાનું
મનોબળ ધરાવનાર, સ્પષ્ટ નિર્ણયકર્તા,
અવ્વલ ગણતરી બાજ વ્યાપારી જીવ
**શ્રી હર્ષદરાય શાંતિલાલ તમાકુવાળા**
તથા તેમનાં ધર્મપત્ની
**શ્રીમતી હંસાબહેન હર્ષદરાય તમાકુવાળા**ને
**'દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન'** પુસ્તકની આ બીજી
આવૃત્તિનું પ્રકાશન આનંદપૂર્વક અર્પણ કરીએ છીએ.

તા. ૮-૪-૨૦૧૪
રામનવમી, સં. ૨૦૭૦

**ટ્રસ્ટીમંડળ**
હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# નિવેદન

(પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનું ગદ્યપદ્ય સાહિત્ય સારા પ્રમાણમાં પ્રકાશિત થયું છે. તેમાં સ્વજનો અને સાધકોને લખેલા પત્રો છે. ઉપરાંત, જેને પૂજ્યશ્રી પોતાની સાધનાની આત્મકથા Autobiography of My sadhana' કહેતા, તેવા પદ્ય સાહિત્યનો સમાવેશ પણ થાય છે. ફાજલપુર મુકામે શ્રી રમણભાઈ અમીન સાથે થયેલ સત્સંગની ટેપવાણીનું સંપાદિત પ્રકાશન પણ ઉપલબ્ધ છે.

આ ઉપરાંત, પૂજ્યશ્રીના જન્મદિન, દીક્ષાદિન તેમ જ સાક્ષાત્કાર દિન નિમિત્તે સ્વજનોના જે મિલન સમારંભ-ઉત્સવ થયા, તેમાં પૂજ્યશ્રીએ સ્વજનોને કરેલ સંબોધનોની ઉપલબ્ધ ટેપવાણી ઉપરથી કેટલાંક સ્વજનોએ **'શ્રીમોટાવાણી'** તરીકે નાની પુસ્તિકાઓ પ્રગટ કરી છે.

દક્ષિણ ભારતમાં ત્રિચિનાપલ્લી અને કુંભકોણમ્‌ની શ્રી નંદુભાઈ અને તેમના મામાની એન. ગોપાલદાસની પેઢીના કાર્યભાર સાથે અને તે પરિવારના સભ્યો સાથે પૂજ્યશ્રીને અલૌકિક સંબંધ રહેલા છે. ગુરુપૂર્ણિમાએ પૂજ્યશ્રી ત્યાં જતા ત્યારે એ સ્વજન પરિવાર સમક્ષ પૂજ્યશ્રીએ હૃદયના ઉદ્‌ગાર તે સૌ સમક્ષ વ્યક્ત કર્યા હતા. તેની ઉપલબ્ધ ટેપ ઉપરથી શ્રી રજનીભાઈ બર્માવાલાએ સંપાદનનું કાર્ય કરેલ છે. એ સંપાદનને **'દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન'**ના નામે પ્રકાશિત કરતાં અમે ધન્યતાની લાગણી અનુભવીએ છીએ. શ્રી રજનીભાઈએ અગાઉ પણ શ્રીમોટાની વાણીને ટેપ ઉપરથી સંપાદનનું કાર્ય કરેલું છે. તેઓ આશ્રમના જ એક અંગ છે. છતાં, તેમના આ

સદ્‌ભાવભર્યા કાર્ય માટે અમો તેમના આભારી છીએ. પૂજ્ય શ્રીમોટાના પ્રવચનની લઢણ શક્ય હોય ત્યાં સુધી જાળવી રાખાઈ છે.

પૂજ્ય શ્રીમોટાએ આ ઉદ્‌બોધન એક સ્વજન પરિવાર સમક્ષ અને ખાસ તેમને અનુલક્ષીને કરેલું છે. છતાં, પૂજ્યશ્રીના વિશાળ સ્વજનવર્તુળને એ ઉપલબ્ધ થાય, તે માટે તે પરિવાર તરફથી તેના પ્રકાશનની અમોને અનુમતિ મળેલ છે. પૂજ્ય શ્રીમોટાનો શબ્દ સૌ સ્વજનો માટે છે. એવી એ પરિવારની ઉદાર ભાવનાની અમે ઘણી ઘણી કદર કરીએ છીએ અને તેમના પ્રત્યે આભારની લાગણી પણ વ્યક્ત કરીએ છીએ.

આશ્રમનાં પ્રકાશનોને લગત કામગીરીમાં ‘હરિવાણી ટ્રસ્ટ’ અમદાવાદનો જે સહકાર મળી રહે છે, તેની નોંધ લેતા આનંદની લાગણી અનુભવીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

અમોને આશા અને શ્રદ્ધા છે કે સ્વજનવર્તુળ આ પ્રકાશનને આવકારશે.

તા.૨૫-૧૨-૨૦૦૬ **ટ્રસ્ટીમંડળ,**
નાતાલ હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# નિવેદન (બીજી આવૃત્તિ)

દક્ષિણ ભારતમાં ત્રિચિનાપલ્લી અને કુંભકોણમ્‌ની શ્રી નંદુભાઈ અને તેમના મામાની એન. ગોપાલદાસની પેઢીના કાર્યભાર સાથે અને તે પરિવારના સભ્યો સાથે પૂજ્યશ્રીને અલૌકિક સંબંધ રહેલા છે. ગુરુપૂર્ણિમાએ પૂજ્યશ્રી ત્યાં જતા ત્યારે એ સ્વજન પરિવાર સમક્ષ પૂજ્યશ્રીએ હૃદયના ઉદ્‌ગાર તે સૌ સમક્ષ વ્યક્ત કર્યા હતા. તેની ઉપલબ્ધ ટેપ ઉપરથી શ્રી રજનીભાઈ બર્માવાલાએ સંપાદનનું કાર્ય કરેલ છે. એ સંપાદનને **'દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન'**ની આ બીજી આવૃત્તિ પ્રકાશિત કરતાં અમે ધન્યતાની લાગણી અનુભવીએ છીએ. શ્રી રજનીભાઈએ અગાઉ પણ શ્રીમોટાની વાણીને ટેપ ઉપરથી સંપાદનનું કાર્ય કરેલું છે. તેઓ આશ્રમના જ એક અંગ છે. છતાં, તેમના આ સદ્‌ભાવભર્યા કાર્ય માટે અમો તેમના આભારી છીએ. પૂજ્ય શ્રીમોટાના પ્રવચનની લઢણ શક્ય હોય ત્યાં સુધી જાળવી રાખાઈ છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

અમોને શ્રદ્ધા છે કે સ્વજનવર્તુળ આ પ્રકાશનને આવકારશે.

તા.૮-૪-૨૦૧૪ **ટ્રસ્ટીમંડળ,**
રામનવમી, સં. ૨૦૭૦ હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

## પ્રાક્કથન

૧૯૪૧-'૪૨માં પૂજ્ય શ્રીમોટાને, દક્ષિણ ભારતમાં આવવાનું બન્યું. પૂજ્ય નંદુભાઈ તેમ જ ગોપાલદાસની પેઢીના નિમિત્તે આવવાનું બનતાં, આ પેઢીનાં કુટુંબીજનો તેમ જ મદ્રાસમાં શ્રી છગનભાઈ બારાઈનું કુટુંબ, શ્રી મોહનલાલ મહેતા તેમ જ શ્રી મુકુંદલાલ મહેતા વગેરે પણ પૂજ્યશ્રીના સંપર્કમાં આવ્યા. તે વખતે ગોપાલદાસની પેઢીની બે શાખાઓ હતી. ત્રિચિનાપલ્લીની પેઢી શ્રી ગોપાલદાસ મહેતા ઉર્ફે મામા, શ્રી ચંદ્રકાંતભાઈ શાહ (પૂજ્ય નંદુભાઈના નાના ભાઈ), મામાના દીકરાઓ શ્રી સુરેશભાઈ તેમ જ શ્રી અશોકભાઈ સંભાળતા હતા અને કુંભકોણમ્‌ની પેઢીનું કામકાજ મામાના વડીલ દીકરા શ્રી હસમુખભાઈ ઉર્ફે લાલાજી સંભાળતા હતા. તે સૌ નિમિત્તયોગે પૂજ્ય શ્રીમોટાના સંપર્કમાં આવ્યા. આ બધી વાતો વિગતે **'પૂજ્ય શ્રીમોટા જીવન અને કાર્ય'** તેમ જ પૂજ્ય નંદુભાઈએ લખેલ **'શ્રીમોટાની મહત્તા'** પુસ્તકોમાં છે. એટલે તેનું પુનરાવર્તન કરવાનું બનતું નથી.

તે કાળમાં પૂજ્ય શ્રીમોટા વધુ સમય દક્ષિણમાં, વિશેષ કરીને ત્રિચિ-કુંભકોણમ્‌માં રહેતા અને જરૂર પડતાં ગુજરાત જઈ આવતા. પેઢીના ભાગીદારો સાથે રહેવાનું બનતાં, તે સૌના જીવનમાં પણ પૂજ્યશ્રી રસ લેતા અને પેઢીની ખબર-અંતર રાખતા. કોઈ કોઈ વાર પેઢીના કામકાજમાં પણ ભાવભરી સૂચના આપતા. ૧૯૫૦માં પૂજ્ય શ્રીમોટાએ તેમનો પહેલો આશ્રમ, કુંભકોણમ્‌માં કાવેરી મૈયાના તટ ઉપર સ્થાપ્યો અને ત્યાં મૌનમંદિર પણ સ્થાપ્યું. પૂજ્ય નંદુભાઈ,

ગોપાલદાસ મામા, મદ્રાસનાં સ્વજનો તેમ જ સૌ કોઈ મૌનમંદિરનો ઉપયોગ કરતાં. આમ, પૂજ્ય શ્રીમોટાને ૧૯૪૧થી લગભગ ૧૯૫૭ સુધી વધુ સમય દક્ષિણમાં અને તે પછી ગુજરાતમાં નડિયાદ અને સુરતમાં તેમના આશ્રમો થયા બાદ, ત્યાં વધુ સમય રહેવાનું બનવા લાગ્યું. તે અરસામાં પૂજ્ય શ્રીમોટા, ગુરુપૂર્ણિમાના સમયે તો દક્ષિણમાં જ રહેતા. ૧૯૬૫માં શ્રી લાલાજીએ ગુરુપૂર્ણિમા નિમિત્તે, કુંભકોણમ્ પેઢીના મકાનમાં સમારંભ ગોઠવ્યો અને તે વર્ષે પૂજ્ય શ્રીમોટાએ ગુરુપૂર્ણિમાનું પ્રવચન લગભગ ૯૦ મિનિટનું આપ્યું અને ખુલ્લે ખુલ્લું પેઢીના ભાગીદારોને તે સૌના હિતની વાત, જીવનમાં અને વેપારમાં કેવી જાતની દૃષ્ટિ કેળવવી, ગુણ અને ભાવનું મહત્ત્વ, દક્ષિણ ભારતમાં વસવાનું બન્યું છે, તેમાં પણ ભગવાનની કેટલી કૃપા. આમ, સૌને નવી દૃષ્ટિ આપી. તે પછી ગુરુપૂર્ણિમાના ઉત્સવો પેઢીના ભાગીદારો, દક્ષિણનાં સ્વજનોને ત્યાં દર વર્ષે ઊજવવાની તેવી પ્રથા પડી. ૧૯૬૭માં ગોપાલદાસ મામાના દેહવિલય બાદ, દર વર્ષે આ ગુરુપૂર્ણિમાનો ઉત્સવ, ત્રિચિમાં, મામાના ઘરે, તેઓ જે હૉલમાં બેસીને કામ કરતા, ત્યાં જ ઊજવવાનું શરૂ કર્યું અને ૧૯૭૪ સુધી આ કાર્યક્રમ ચાલુ રહ્યો. તે ઉત્સવ નિમિત્તે પેઢીના ભાગીદારો, તેમનાં સૌ કુટુંબીજનો, મદ્રાસના સ્વજન મિત્રો શ્રી મુકુંદભાઈ મહેતા, શ્રી બાબુ સરકાર, કોઈ કોઈ વાર પૉંડિચેરી શ્રીઅરવિંદ આશ્રમમાં રહેતા ગુજરાતી સ્વજનો થોડાં, ગુજરાતી ભાષા સાથે પરિચય ન હોવા છતાં, પૂજ્ય શ્રીમોટા પરત્વે ભાવ ધરાવનાર તામિલિયન સ્વજનો વગેરે સૌ કોઈ ભેગાં થતાં. એકબે વાર તો હૈદરાબાદમાં

રહેતું ગુજરાતી કુટુંબ, ખડકીમાં કુટુંબના વડીલ પણ આવેલા, પણ ગોપાલદાસ પેઢીના ભાગીદારોનાં કુટુંબીજનો વધુ સંખ્યામાં હોવાને કારણે અને આ પેઢી સાથે નિમિત્તે પૂજ્ય શ્રીમોટાને જોડાવાનું બનેલું. એટલે પ્રવચનમાં મોટો ભાગ તે સૌ ઉપરનો પ્રહાર જ હોય !

પૂજ્ય શ્રીમોટાએ ગુરુપૂર્ણિમા ઉપર આપેલ પ્રવચનના ઉતારામાંથી સળંગતા જળવાતાં વાંચી શકાય એવી રીતે હરિઃૐ આશ્રમ, સુરતના ટ્રસ્ટી શ્રી રજનીભાઈ બર્માવાલાએ આ લખાણ તૈયાર કરેલ છે. પૂજ્યશ્રીના પ્રવચનને 'પ્રહાર' શબ્દે ઓળખાવાનું કારણ એ છે કે ઘણી વાતો દિલમાં લાંબા કાળ સુધી ટકી રહેવાને માટે તે વાતને પ્રહારરૂપે, મનમાં, બુદ્ધિમાં ઠસી જાય એવી રીતે કહેવાની જરૂર પડે છે અને પૂજ્ય શ્રીમોટાએ તે રૂપે જ પોતાના હૃદયની વાત સ્વજનોને કહી છે. તે ટેપ-રૅકૉર્ડેડ વાણી કોઈ આજે સાંભળે તોપણ સાબિત થાય તેવું છે.

બીજું કારણ એ કે જે વાતો સ્વજનોને કહેવી છે, તે વાતો જરા પણ સંકોચ વિના, ખચકાયા વગર, સ્વજનોને તે કાળે રુચે અથવા ન રુચે પણ સાચી હકીકત તો કહેવી જ જોઈએ, તેવી મક્કમતાથી માત્ર સ્વજનોનું ભાવિ હૃદયમાં રાખીને આ વાતો કહી છે. ત્રીજું કારણ એ કે ઘણી વાતોને સાબિતી સાથે, પુરાવા સાથે, પોતે કેવી રીતે સ્વજનો સાથે માત્ર સૂક્ષ્મ રીતે નહિ, પણ સ્થૂળ રીતે પણ - with the very basis of their livelihood જોડાયેલા હતા, તે વાતો પણ કહી છે.

ઉપરાંત, કાળના તબક્કાની વાતો અને તેને સમજીને વર્તવાથી, તે કાળના પ્રવાહમાં કેવી રીતે ડૂબ્યા વગર તરતા રહેવાય તેની સમજણ-વ્યવહારુ સમજણ પણ આપેલી છે અને છેલ્લે વિશ્વ અને બ્રહ્માંડની વાતો કરીને તેમાં આપણે તો સાવ રજકણથી પણ infinitely small નાના છીએ એની સમજણ આપી છે. અંધાધૂંધીના કાળમાં આપણું કર્તવ્ય, આપણો ધર્મ, સમાજ પરત્વેની દૃષ્ટિ, આમ બધી રીતે સ્વજનો સજ્જ અને નિખાલસ કેવી રીતે રહી શકે તેની સમજણ આપી છે. મનુષ્ય જીવનનાં સ્થૂળ અને સૂક્ષ્મ એમ તમામ પાસાંઓનો ખ્યાલ અને ઓળખ આપનાર ખરી રીતે તેનાથી પર થયેલો હોય તો જ બની શકે. બુદ્ધિ સ્વીકારી શકે તેમ વિચાર કરીએ તો તે મનુષ્ય, ચેતનમાં નિષ્ઠા પામેલો જ હોવો જોઈએ. નિષ્ઠા પામેલા તેવા **સમર્થનો સથવારો** આપણને આપણી કોઈ પણ લાયકાત વગર મળેલો છે. તેમાં પણ ભગવાનનો હેતુ રહેલો છે. તે હેતુને આપણે સૌ કોઈ સમજીએ એ જ પ્રાર્થના.

'પૂજ્ય શ્રીમોટાને મળેલાં સૌ સ્વજનોને
વ્યક્તિગત રીતે આ પ્રકાશન સમર્પણ કરતાં
આહ્લાદ અનુભવાય છે.'

- **હસમુખભાઈ ગોપાલદાસ મહેતા**
**ઉર્ફે લાલાજી**
(ગોપાલદાસ પેઢીના વડીલ ભાગીદાર)

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | મળેલા જીવોને ભગવાનમાં વાળવાનું કર્તવ્ય | ૧૩ |
| ૨. | સ્વજનોમાં મોટાનો પ્રવેશ | ૧૩ |
| ૩. | દક્ષિણ ભારતમાં જવાનું કારણ | ૧૪ |
| ૪. | સંપત્તિને સત્કર્મમાં વાપરો | ૧૫ |
| ૫. | દક્ષિણ ભારત—ભક્તિભાવનો પ્રદેશ | ૧૬ |
| ૬. | પૈસો એ કાંઈ જીવન નથી | ૧૭ |
| ૭. | મોટાની મહત્તાના પ્રસંગો | ૧૮ |
| ૮. | ‘હરિ’ એક જન્મમાં મોટાનો ગુરુ | ૧૯ |
| ૯. | મોટાનો આગામી જન્મ સ્ત્રીનો | ૨૦ |
| ૧૦. | નંદલાલમાં માતપિતાના સંસ્કાર | ૨૧ |
| ૧૧. | મોટાની દિવ્ય શક્તિ | ૨૨ |
| ૧૨. | તામિલ સંસ્કૃતિની મહત્તા | ૨૫ |
| ૧૩. | બ્રાહ્મણોની પડતી | ૨૬ |
| ૧૪. | ચીજવસ્તુમાં પૈસા રાખજો | ૨૬ |
| ૧૫. | સમાજ માટે લૂંટારો પણ બનું | ૨૭ |
| ૧૬. | દ્વંદ્વો સમતુલા જાળવે છે | ૨૮ |
| ૧૭. | દ્વંદ્વના ઘર્ષણથી જ્ઞાન | ૨૯ |
| ૧૮. | રોગગ્રસ્ત શરીરથી પણ પરમાર્થ | ૩૦ |
| ૧૯. | સમાજની સમગ્રતાને સ્પર્શે એવાં દાન | ૩૦ |
| ૨૦. | ભગવાનની ભક્તિ સ્વવિકાસ માટે કરો | ૩૧ |
| ૨૧. | પેઢીને ટકાવવા સંપ રાખો | ૩૨ |
| ૨૨. | ગુજરાતી ભાષાના વ્યાકરણની રચના | ૩૨ |
| ૨૩. | આપમેળે થયેલા સંબંધથી પૈસા મળે છે | ૩૩ |

| | | |
|---|---|---|
| ૨૪. | વ્યુત્પત્તિના પુસ્તકની રચના | ૩૪ |
| ૨૫. | ‘જિજ્ઞાસા’ પુસ્તકનું સર્જન | ૩૪ |
| ૨૬. | ફાજલપુરમાં ‘ગીતા’ ઉપર લખાણ | ૩૫ |
| ૨૭. | ગુજરાતી ભાષામાં ‘વેદો’ની રચના | ૩૭ |
| ૨૮. | વિજ્ઞાન અંગેનાં પુસ્તકો અને જ્ઞાનગંગોત્રી | ૩૭ |
| ૨૯. | વિજ્ઞાન, ખેતીવાડી અને દવાઓનાં સંશોધનો માટે દાન | ૩૮ |
| ૩૦. | મોટાના શરીરનાં દર્દો | ૪૩ |
| ૩૧. | વીંટી પહેરવાનું મન અને મણિનગરનો ઉત્સવ | ૪૪ |
| ૩૨. | સ્વજનોમાં પ્રેમભક્તિની ઊણપ | ૪૫ |
| ૩૩. | કદરહીન સમાજ | ૪૭ |
| ૩૪. | વેપારની સલામતી માટે | ૪૮ |
| ૩૫. | નદીસમુદ્રમાં તરણસ્પર્ધા | ૪૯ |
| ૩૬. | શ્રી કાંટાવાળા સાહેબની સહાય | ૫૦ |
| ૩૭. | મોટાનું ખૂન ના કરો | ૫૩ |
| ૩૮. | મોટાને આપો છો તે સમાજને માટે છે | ૫૩ |
| ૩૯. | બ્રહ્માંડમાં કેટલીયે પૃથ્વીઓ છે | ૫૪ |
| ૪૦. | લક્ષ્મીનો સ્વાર્થી ઉપયોગ એ વ્યભિચાર છે | ૫૫ |
| ૪૧. | ગુજરાતના પૈસાથી દક્ષિણ ભારતમાં સ્વિમિંગ પુલ કે તરણસ્પર્ધા નહિ થઈ શકે | ૫૬ |
| ૪૨. | સુરતમાં બોટિંગ અને સ્વિમિંગ ક્લબ | ૫૮ |
| – | આરતી | ૬૧ |
| – | પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ | ૬૨ |
| – | પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોની યાદી | ૬૪ |

❑

## ૧. મળેલા જીવોને ભગવાનમાં વાળવાનું કર્તવ્ય

આખા કુટુંબનો અને કુટુંબની વ્યક્તિઓનો સદ્‌ભાવ કાંઈ ન હતો. હું જે કાંઈ કરતો તે એક દોકડા અતિશયોક્તિ કર્યા વગર વાત કરતો. હકીકતની વાત, વાસ્તવિકતાની વાત. ભૂમિકાથી. તે ધીરે ધીરે કરીને નંદુભાઈ મળ્યા. ત્યારથી ધીરે ધીરે કરીને પણ ભગવાનની કૃપાથી, તમારા બધાનો હું ભાવ મેળવી શક્યો છું. બાકી, મારી એવી કોઈ તાકાત નથી. એ મારે માટે મોટી હકીકત છે, કારણ કે ભાવ વિના, લાગણી વિના કોઈના દિલમાં પ્રવેશી શકાતું નથી. હજુ જોકે મારે મારું જીવન, હાલના જીવનનું કર્તવ્ય તો ભગવાન પરત્વે મળેલા જીવોની અભિમુખતા પ્રગટે એ જ મારું કર્તવ્ય છે. એના સિવાય મારું બીજું કોઈ કર્તવ્ય નથી. **મારું મોટામાં મોટું આ જીવનનું કાર્ય હોય તો મળેલા જીવોમાં ભગવાન તરફની અભિમુખતા પ્રગટે** એ જ મારું ઉત્તમમાં ઉત્તમ અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કર્તવ્ય અને ધર્મ પણ છે. સમાજ માટેનાં કર્મ કરું છું, તે પણ એ જ અર્થે.

## ૨. સ્વજનોમાં મોટાનો પ્રવેશ

પરંતુ મારો કહેવાનો અર્થ એ છે કે આટલો તમે મને જે ભાવ આપ્યો છે, જે લાગણી થઈ છે, એટલાથી જ મારાથી તમારા દિલમાં પ્રવેશી શકાતું નથી. અને હમણાં જ મેં થોડાક દિવસ ઉપર, બેત્રાણ દિવસ ઉપર, એક જણને કાગળ લખ્યો કે-

**'અમારે તો તમારે દિલ પ્રવેશી કર્મ કરવું છે,**
**પરંતુ બારમણિયાં શાં બધે દ્વારે જ તાળાં છે !'**

આ મારા મનથી સાચી હકીકત કહું છું. પૈસાની મદદ તમે બધાએ મને આપી છે. અને ભગવાનની કૃપાથી હું કોઈનું ઋણ મારે માથે રહેવા દેતો નથી. ए કોઈ ને કોઈ રીતે ફેડવતો રહે છે.

## ૩. દક્ષિણ ભારતમાં જવાનું કારણ

એટલે જ્યારથી નંદુભાઈની સાથે સંબંધ થયો ત્યારથી આ પેઢીની સાથે, તમારા બધાની સાથે હું સંકળાયેલો છું. એટલું જ નહિ પણ ૧૯૪૨ની સાલમાં બૉંબ પડ્યા અને આપણે ત્યાં બધા નાસી આવેલા ત્યારે મેં નંદુભાઈને કહેલું કે આ બરાબર નથી. જે જમીનનો, જે દેશનો આપણે રોટલો ખાઈએ, જેની પાસેથી રળીએ, તે લોકોના સંકટ સમયે આપણે નાસી આવીએ, તે તો આપણી નાલેશી ગણાય. માટે, તમે જાવ અને હું પણ આવું છું. એ જ કારણે નંદુભાઈ આવ્યા. એ દુકાન સંભાળતા હતા અને **એ કારણે મારે અહીં સાઉથ ઈન્ડિયા (દક્ષિણ ભારતમાં) આવવાનું થયું.** આ પહેલવહેલો પ્રસંગ. ત્યારથી તમારી આ પેઢીની સાથે પણ હું સંકળાયો. પૈસા તો ભગવાનની કૃપાથી બધે મને મળે છે. તમે આપો કે ના આપો. તમારો તો ધર્મ છે કે તમારા કુટુંબનો તો હું દીકરો છું. ભગવાન છે તે એના ભક્ત ઉપરનું ઋણ રહેવા દેતો નથી. એ વાત બાજુ ઉપર મૂકી દો, પણ આ એક શાસ્ત્રીય હકીકત છે, વિજ્ઞાનની હકીકત છે, આધ્યાત્મિક વિજ્ઞાનની આ હકીકત છે કે ભગવાન એના ભક્તને કોઈનું પણ એના ઉપર ચડેલી સેવાનું ઋણ ભગવાન બાકી રાખતો નથી. આ સાબિત થયેલી હકીકત છે.

ત્યારે તમારા બધાની સાથે મારે હવે ભળવાનું છે. મારે તો મરવાની ઈચ્છા નથી અને જીવવાની ઈચ્છા નથી, પણ શરીર છે

તે પડવાનું છે. એ વાત ચોક્કસ. અને શરીરનાં લક્ષણ એવાં વર્તાતાં જાય છે. હવે બહુ બહુ તો જેટલો કાળ રહું તેટલો કાળ તમે પ્રેમથી નભાવજો.

### ૪. સંપત્તિને સત્કર્મમાં વાપરો

તમારી પાસે ધન-દોલત છે. હું તો કહું છું કે કાળ કપરો આવે છે. એક પછી એક ખરાબ વર્ષ આવવાનાં છે. આ **Chaos (કૅઓસ-અંધાધૂંધી)નો કાળ આવવાનો છે.** કેટલા કાળમાં આવવાનો છે, તે કહેતો નથી. ઘણાં વર્ષોથી કહું છું. ચીજવસ્તુઓમાં પૈસા જેના રહેશે, તેના સહીસલામત થોડાઘણા રહેશે. બાકી, Chaos એવો આવવાનો છે કે મોટા મોટા, ભલભલા લોકો ખલાસ થઈ જશે. એટલું જ નહિ પણ માલમિલકતનો કોઈ ભરોસો નથી. કલમને ગોદે બધું જતું રહેશે. તમે સુખ માટે ભોગવો છો તેના કરતાં સત્કર્મમાં, પરમાર્થમાં પ્રેમથી, ઉદારતાથી જેટલું વપરાય એટલું વાપરજો ભાઈ. હું ભિખારી છું એટલા માટે નહિ. મને તો પૈસા ગમે ત્યાંથી મળી રહેશે. તમે આપશો તો જ મારું કામ ચાલશે એવું છે નહિ સાહેબ. અને પૈસાને માટે હું આવતો નથી. એ ખ્યાલ કાઢી નાખજો. કોઈના મનમાં હોય તો એ કાઢી નાખજો. પૈસો તો મને ગુજરાતમાં, ગમે ત્યાં જઈશ, ત્યાં મારો વહાલો હજાર હાથવાળો ધણી મને આપ્યા કરે છે.

અત્યાર સુધીનો મારો એક પણ સંકલ્પ મિથ્યા થયો નથી. ગઈ સાલ તો દસ લાખ રૂપિયા મળ્યા. વિચાર કરો કે એની સરખામણીમાં આપણે શું આપ્યું છે ? 'અમે ઘણું આપ્યું છે', એમ નહિ, પણ કોઈના મગજમાં આ વિચાર હોય તો કાઢી નાખજો, પણ હું આવવાનો ખરો. તમે આપો કે ના આપો એની સાથે મારે નિસબત નથી.

અહીં દક્ષિણમાં આશ્રમ થયો છે. દક્ષિણની સાથે મારા

શરીરનુંય ઋણ છે અને દક્ષિણ દેશ આખા હિંદુસ્તાનમાં મને ગમે છે. આ દેશમાં જે ભાવના છે, એનું એક પ્રત્યક્ષ પ્રમાણ છે. એમ ને એમ વાત કરતો નથી. મારા ગુરુમહારાજ કહે, 'પ્રયોગ સિવાય—પ્રયોગ વિના—પ્રયોગ આચરાયા વિના કોઈ વાત કરતો નહિ.'

### ૫. દક્ષિણ ભારત—ભક્તિભાવનો પ્રદેશ

આ દેશમાં—આખા હિંદુસ્તાનને—આખો દેશ ગણીએ એમાં relatively (સાપેક્ષ રીતે) અહીં ભાવના જીવતી છે. એનું પ્રત્યક્ષ પ્રમાણ Characteristic-લક્ષણ એ છે કે અહીં નૃત્ય હજુ જીવે છે. અહીં સંગીત જીવે છે. અહીં એવી ભાવના, કળા દ્વારા વ્યક્ત થાય છે. ભાવના જે વ્યક્ત થાય છે, તે આવી સૂક્ષ્મ કળાઓ દ્વારા જ વ્યક્ત થાય છે અને એ અહીં આપણા દક્ષિણ દેશમાં છે. આજે પણ ઘણા સારા પ્રમાણમાં છે.

હું તો આવ્યો ત્યારે જ નંદુભાઈને કહેલું. પૂછો, નંદુભાઈ કહે, એમને દર્શન નહિ થયેલાં. આ દેશમાં ભાવના વિશેષ છે. એટલું જ નહિ પણ આ દેશની અંદર મંદિરો પુરાણા કાળમાં થયાં છે. જ્યારે હું કુંભકોણમ્ આશ્રમમાં રહેતો ત્યારે તો ઘણો વખત રહેતો, કારણ મારે ગુજરાતમાં ફરવાનું કોક ઠેકાણે હતું. ત્યારે આ બધા કૉમ્યુનિસ્ટવાળા (સામ્યવાદી) કેટલાક આવેલા. તેઓ કહે કે બળજબરીથી આ મંદિરો તો બધાં કરાવ્યાં છે, વેઠે લગાડીને. અલ્યા ભાઈ ! બળજબરી—જ્યાં બળાત્કાર હોય ત્યાં કળા વ્યક્ત કોઈ દહાડો ના થાય. આ giant (વિશાળ) પથ્થરની અંદર જે આ જીવતાજાગતા જે અંદર— એમણે આકારો ઘડ્યા છે એ જીવંત છે. એવા બળાત્કારથી અંદરનો ભાવ કોઈ દહાડો પ્રગટી ના શકે. બાકી, વેઠની અંદર વેઠે કરાવ્યા હોય તે સંભવિત

છે, પણ આ જે કળા પથ્થરની અંદર વ્યક્ત થઈ છે, એ તો અંદર હૃદયનો ભાવ વ્યક્ત થયેલો છે. અને આટલાં gigantic (અતિ ભવ્ય) આટલા મોટા પ્રમાણમાં મંદિરો થયાં, એ ભાવના વિના થઈ શકે નહિ.

ત્યારે આ તો પુરવાર કરી આપી શકે એવી હકીકત છે. અમારા દક્ષિણ ભારતની અંદર. આને બીજી એક હકીકતથી પુરવાર થઈ શકે—બુદ્ધિ સ્વીકારી શકે એવી હકીકત છે કે હિંદુસ્તાન દેશમાં કેટલા કેટલા ધર્મોના સંપ્રદાયો છે ? એના આચાર્યો આ દેશમાં છે. આ દેશમાંથી થયેલા છે. એકે એક. તમે બધા વિચારી જોજો. જેને તપાસ કરવી હોય, બુદ્ધિ લગાવવી હોય તો લગાવી જોજો, પણ આ તદ્દન સાચી હકીકત છે.

પણ આ દેશનું મહત્ત્વ, આ દેશમાં રોટલા કમાયા હોવા છતાં, આ દેશનું લૂણ આપણા શરીરના બિંદુએ બિંદુએ હોવા છતાં, આ દેશની મહત્તા કોઈ તમે પારખી નથી શક્યા. એ મારા મનથી સાચી હકીકત છે. નંદુભાઈ પણ નહિ પારખી શકેલા, કારણ કે ત્યારે તો એ વ્યાપારી જીવ હતો. આધ્યાત્મિક જીવ ત્યારે એ હતો નહિ. એને સમજણ નહિ પડેલી.

## ૬. પૈસો એ કાંઈ જીવન નથી

ત્યારે મારી તો તમને બધાને કહેવાની મરજી છે કે આ દેશને વફાદાર રહી જો તમે એની ભાવના નહિ પકડી શક્યા તો તેવા પૈસા કમાયેલા નકામા છે. એવો પૈસો એ કાંઈ જીવન નથી. પૈસા તો હુંય કમાઉં છું સાહેબ. તમારા કરતાં વધારે, પણ હું એ ગમે તેમ ખર્ચતો નથી. મારી પોતાની માલમિલકત—અંગત પૈસા જે કહેવાય, એ બધા પૈસા મેં આપી દીધા છે. પચાસ હજાર ઉપરાંત. આજે પચાસ હજાર ઉપરાંત તો ભાવનાત્મક સાહિત્ય ખાતે મારા

આશ્રમના ચોપડે જમા છે. એ બધા મારી માલિકીના છે નહિ. એક પૈસો રાખતો નહિ. ત્યારે હું તમને વર્તીને કહું છું ભાઈ, પૈસા તો મળે છે પણ એ પૈસાથી મોજશોખ વૈભવવિલાસ ભલે કરો, પણ પરમાર્થમાં નહિ ખર્ચશો તો મરી જઈશું આપણે. અને આ બાર-ચૌદ-પંદર મહિના આપણા માટે ભારે છે. માટે, સાચવજો પ્રેમથી.

હવે, બીજી વાત મારે તમને એ કહેવાની છે કે મારા ગુરુમહારાજે મને હુકમ કરેલો કે બેટા, પ્રયોગ દ્વારા તું તારી જાતને સાબિત કરજે, પણ તું લાખ વાર સાબિત કરી બતાવીશ તોપણ આ લોકો તને સ્વીકારશે કે, એ રીતના માનશે એ શક્ય નથી, પણ તારે તો તારું આ કર્મ છે, તે તારે સાબિત કરવું. લોકો માને કે ના માને, એની સાથે આપણી નિઃસ્પૃહતા છે.

## ૭. મોટાની મહત્તાના પ્રસંગો

પણ એ નિમિત્ત મળે ત્યારે જ બને. ગુરુમહારાજનો હુકમ હોવા છતાં, તે તમને બધાને કહું છું કે આ નંદલાલનું કુટુંબ મારી સાથે હતું. નંદલાલનો છોકરો (સિદ્ધાર્થ) સાથે હતો, હિમાલયની જાત્રાએ અને **'જીવન પોકાર'**માં લખાયેલું છે. તે નિમિત્તને કારણે કેટલું કેટલું વ્યક્ત ત્યાં થયું છે, તે તમે બધા જોઈને વાંચી જજો. હજુ એટલા પ્રસંગો જ મારા જીવનની મારી જાતને કેવા પ્રકારની છે, તે પુરવાર કરવાને પૂરતા છે. તે ઉપરાંત, બીજા એવા ઘણા પ્રસંગો બનેલા છે.

આ મામાના જ પ્રસંગો ક્યાં નથી ? એમણે મને મૌનમાંથી લખેલું. હું ત્યાં હતો. મામાએ લખેલું કે 'હું દર વખતે અઠ્ઠાવીસ દિવસ, ક્યારેક પાંત્રીસ દિવસ મૌનમાં બેસું છું. એ બધાય

દિવસ કંઈ ભગવાનનું નામ લેવાતું નથી અને બેળે બેળે લઉં છું.' એમ અવારનવાર લખ્યા કરે. પછી મને પણ એક વખત મામા ઉપર ગુસ્સો ચડી ગયો અને મેં લખ્યું કે **મરતી વખતે તમને યાદ રહેશે** સાહેબ. મારી પાસે મામાનો કાગળ રાખી નથી મૂક્યો. એને માટે મને ભારે અફસોસ. રાખ્યો હોત તો મને સાબિતી મળત. એમાં એમણે લખેલું કે મોટા, અત્યારે મારું શરીર હયાત છે, મારામાં લોહી ધબકે છે, મારા શરીરમાં નસો અને આ બધું કામકાજ કરે છે, સારી રીતે હું જાગ્રત છું ત્યારે અને મારે ભગવાનનું નામ લેવાનું મન હોય તોય નથી લેવાતું તો મરણ વખતે તો બધું—બધાં રોમેરોમ ઢીલાં પડી જશે, પ્રાણ જતો રહેતો હશે, તે વખતે મારાથી શી રીતે નામ લેવાશે ?

આવો કાગળ મામાએ મને લખેલો, પણ એમનાથી નામ લેવાયું છે, એને નાડી પણ ન હતી. હમણાં સુરેશભાઈનાં પત્ની સરલાબહેનને પૂછી જુઓ. દાકતરે કહ્યું કે નાડી તો છે નહિ અને હાર્ટ તો બેસી જવાની તૈયારીમાં છે. તે પછી પણ અડધો કલાક એ ભગવાનનું નામ બોલ્યા છે. અને મરતી વખતે પણ કેટલી સ્વસ્થતાથી એમણે બધાને કહ્યું છે. ત્યારે તે કાંઈ નંદલાલની પેઠે એ (મામા) કોઈ સાધનામાં કે એકાંતમાં તો કોઈ દહાડો ગયા નથી અને એટલી બધી કોઈ ભારે પ્રકારની સાધના કરી નથી, પણ એ ભગવાનની શક્તિથી બનેલું. એ તે વખતે હાજરાહજૂર થઈને એ કામ કરેલું છે. હકીકત બનેલી છે. પ્રયોગાત્મક, પણ એ કોઈથી-આપણાથી-સ્વીકારાતી નથી. એટલે એ બતાવે છે કે આપણી ભૂમિકા નથી.

## ૮. 'હરિ' એક જન્મમાં મોટાનો ગુરુ

તે ઉપરાંત, મારું સાહિત્ય સાહેબ જુઓ. એટલું મારું લખેલું સાહિત્ય આ જાતને પુરવાર કરવા પૂરતું છે. એટલું જાણે અધૂરું

હોય તેમ ગુરુમહારાજને શરૂઆતમાં મેં બેચાર કાગળો લખેલા હરિના માટે. —હરિને શું વારસો આપું ? વારસો તો જ્યારે નાનો હતો ત્યારથી આપી દીધેલો છે, કારણ કે મારે એનું ઋણ હતું. કોઈના જીવ વિશે મેં કોઈ દિવસ કહ્યું નથી કે આ બધાને મારે અને નંદલાલને શો સંબંધ ? લાલાજીને શો સંબંધ ? મેં કોઈ દિવસ વ્યક્ત કર્યું નથી. એક જ જીવની બાબત મેં વ્યક્ત કરેલું છે. માત્ર, હરિની વાતમાં. **તે મારો એક જન્મમાં ગુરુ હતો,** કારણ એમ કે કોઈને માન્યામાં ના આવે. મામાએ એ હકીકત જાણેલી. બીજા કોઈના જીવનનું કહેલું નથી, પણ આપણી સાથે પરસ્પર એક નિમિત્ત ચાલ્યું જ આવે છે. તમારા બધાની સાથે મારું નિમિત્ત છે, પણ હરિનું મેં દેવું નથી રાખ્યું. ઋણ હતું મારા ઉપર. મારા ગુરુનું મારા ઉપર ઋણ હતું. એ એક કાળે મારા ગુરુ હતા. હવે મારા કૂંડાળાંમાંથી છટકી જવા લાગ્યા છે.

## ૯. મોટાનો આગામી જન્મ સ્ત્રીનો

મેં તો મશ્કરીમાં લાલાજી અને પ્રમીલાને કહ્યું કે એકવીસ વર્ષની સુંદર, નવયુવાન, વૈભવવિલાસ અને રૂપથી ભરપૂર, એવી કોઈ છોકરી થઈ જઉં તો એક પળવાર, એક લટકાથી તમે તાબે સાહેબ. એક જ લટકું બસ છે. અને એટલા જ માટે **હું સ્ત્રીનો અવતાર માગું છું.** મારે કેટલાય જીવોને આ ભગવાનના માર્ગે લઈ જવા છે. આ સ્થિતિમાં મારા બેટા, એ બધા મારા સકંચામાં બિલકુલ આવે એમ નથી. એક લટકું બસ છે, પણ **છોકરાં જણનારી બૈરી થવાનો નથી.** એ વાત મારા મનથી નિશ્ચિત છે, પણ ત્યારનો જે વૈભવ અને વિલાસ—એ શરીર, એ

શરીરનું સૌંદર્ય કોઈ અલૌકિક હશે. તમારી કોઈની કલ્પનામાં પણ નહિ આવે એવું હશે. ઝગારા મારતું હશે. ત્યારે માત્ર એક લટકું મારે બસ છે, પણ એ લટકાની પાછળ જે શક્તિ હશે, તે ભગવાનની શક્તિ હશે. એ મારા માટે પૂરતું છે, પણ એ શરીરથી કેટલાય જીવોને મારે ભગવાન પરત્વે ખેંચવાનું જે મારું ધર્મકર્તવ્ય છે, એ પૂરું થઈ શકે એમ છે. **એટલા માટે હેતુપૂર્વક હું સ્ત્રીનો જન્મ લેવાનો છું.**

પણ મૂળ વાત એ કે હરિનું મારા ઉપર ઋણ હતું. એ ચૂકવી દીધું છે. આ જગતમાં કોઈનું ઋણ મારા ભગવાને મારા ઉપર રહેવા દીધું નથી, પણ એક વાત ચોક્કસ છે કે આપણા દેશની સંસ્કૃતિ આવા માણસો વડે જ જીવતી રહેલી છે. આ સંતપ્રકૃતિ એક એવા પ્રકારની સંસ્કૃતિ છે કે જેની સાથેનો આપણો સંબંધ કોઈ ને કોઈ રીતે આપણને મદદ કરનારો નીવડેલો છે. હું એમ ને એમ નથી કહેતો. આ પ્રયોગાત્મક વાત છે. બાકી તો હું એકંદરે agnostic (અજ્ઞેયવાદી) on the verge of it હતો.

હું કૉલેજમાં બી.એ.માં ભણતો હતો, ત્યારે કાંઈ મને ભગવાન પરત્વે આવો કોઈ ભાવ ન હતો, પણ પ્રયોગો કરીને હું અનુભવની વાત કરું છું કે આ એક એવી શક્તિ છે ભાઈ, જો માનો તો સમજવા જેવી છે.

## ૧૦. નંદલાલમાં માતપિતાના સંસ્કાર

અને નંદલાલના કુટુંબમાં પણ, બાલાકાકા કે નંદલાલ આ તરફ વળ્યા છે એમાં એમના પિતાજીનો આ વારસો છે. આ મારા મનથી સાચી હકીકત છે. ભલે ગમે તેવા ગાંડાઘેલા ગુસ્સે થયેલા લાગતા, પણ એમનામાં એ પ્રકૃતિ અને એ વલણ હતું. મોટીબા તો realistic-વાસ્તવિક છે. એ વાસ્તવિક

એટલે સંસારવહેવારની મર્યાદાની અંદર રહેનાર જીવ, પણ એનું ખડતલપણું અજબ છે સાહેબ. પણ એ વાત નોખી. એની ચોકસાઈ, વ્યવસ્થા એ બધા ગુણો છોકરાંઓમાં ઊતર્યા છે, પણ જે ભગવાન પરત્વેની અભિમુખતાના સંસ્કાર, તે એમના પિતાના છે. બાલાકાકામાં આજે છે. નંદુભાઈમાં છે, પણ હજુ જે હું ઇચ્છું છું, તે સરહદ—તેટલી સરહદ-ગૌરીશંકરની શિખર ઉપરના નથી.

મારા ગુરુમહારાજે મને કહેલું કે બેટા, પ્રયોગ કરીને તું વાત કહેજે. જીવનના કેટલાય એવા પ્રસંગો બનેલા છે, તે બધા અત્યારે વર્ણવવા બેસું તો પાર ના આવે, પણ મૂળ વાત એવી કે ગમે તેટલા તમે સાબિત કરીને બતાવો તોપણ આ કોઈ સ્વજનો કે કોઈ પણ એને પ્રેમભક્તિપૂર્વક સ્વીકારે એવું બની શકવાનું નથી. અશક્ય વાત છે. તેના માટે મને વાંધો નથી, પણ હું તો સ્થૂળ રીતે પણ તમારી સાથે સંકળાયેલો છું. સ્થૂળ રીતે પણ એટલે on the very basis (મૂળના પાયામાં) જેના વડે રોટલો કમાવ છો, એની સાથે પણ સાહેબ. આપણા ભાણાભાઈ, મુંબઈવાળા, સાહેબ પૂછો, આ લાલાજી હજુ જીવતા બેઠા છે. ત્યારે કાંઈ ચંદ્રકાંત અને પ્રવીણની સાથે એટલો સંબંધ ન હતો.

## ૧૧. મોટાની દિવ્ય શક્તિ

ત્યારે પહેલવહેલા લાલાજીએ આ પ્રવીણભાઈની મારી સાથે ઓળખાણ કરાવેલી. તો આ સાચી હકીકત બનેલી કહું છું અને પકડાયેલા ત્યારે પણ મેં પ્રયત્ન કરેલા છે. રેડહેન્ડેડ પકડાયેલા. મુંબઈમાં કે મદ્રાસમાં છે સાહેબ, પણ માણસ બહુ હોશિયાર, બહુ બાહોશ, બહુ બાહોશ. એની બાહોશી પણ જબરી અને આપણે

કદર કરવા લાયક માણસ છે.

**આ સ્થૂળ રીતે શી રીતે સંકળાયેલો છું એ તમને કહું છું,** કારણ કે તમારા મગજમાંથી હકીકત ખસી જાય છે. મામા, ચંદ્રકાંતભાઈ અને લાલાજી હોય કે નહિ તે ખબર નથી અને આ જ ઓરડામાં આ બેઠેલા હતા. અને ત્યારે લડાઈ થઈ જવાનો સંભવ હતો. તેમણે કહ્યું કે હીરા આવતા તો બંધ થઈ જશે. કશું નહિ થાય અને આપણો વ્યાપાર કેમ ચાલશે, તે આ બધું ત્યારે હું બોલેલો છું. કોઈએ ટેપરૅકૉર્ડ તો કરી નથી રાખ્યું, પણ મારા મનથી સાચી હકીકત છે. અને હું તમને યાદ દેવડાવું તો તમને યાદ આવી જશે કે ભાઈ, આપણો વ્યાપાર બહુ સરસ રીતે ચાલશે. બધો માલ આપણને મળતો રહેશે. પછી એમ વિચાર આવ્યો કે સાલા વાઉચર ? તો વાઉચરોય મળતા રહેશે. ભગવાનની કૃપાથી **હું સ્થૂળ રીતે પણ તમારી સાથે છું.**

હું તમને સાબિત કરીને કહું. બીજા કેટલાય પ્રસંગો છે. એક વખત મેં નડિયાદથી ચંદ્રકાંતભાઈને કાગળ લખેલો. નંદલાલ જાણતા નથી, પણ આ ભાઈ ચંદ્રકાંતને કે આવો એક પ્રસંગ જોઈ રહ્યો છું કે આવું થશે કે આ જપતી થશે અને બધેય જડતી થશે. એ સંદર્ભમાં-referenceમાં કહું છું કે આપણા માટે ચૌદપંદર માસનો ગાળો કઠણ છે. આઠદસ માસ તો મેં લખેલા છે. કાગળમાં તમને બધાને ચેતાવવાને, પણ એ તો પ્રકૃતિ છે ભાઈ. આપણા બધાની અને જેમ નિમિત્ત બનવાનું હોય છે તેમ બન્યા કરે છે, પણ આપણે એને ટાળી શકીએ છીએ.

આ, જે બધા વાત કહે છે કે પ્રારબ્ધ તો બને જ, એ વાતને હું ખોટી કહું છું. તમે માનશો નહિ. **પ્રારબ્ધને પુરુષાર્થથી મોળું પાડી શકાય છે અને ટાળી પણ શકાય છે. એવો જ્વાળામુખી**

**જેવો જો પુરુષાર્થ હોય તો.** ત્યારે સ્થૂળ રીતે પણ હું સંકળાયેલો છું તમારા બધાની સાથે. આ છપ્પન હજારની ચોરી થઈ, ત્યારે સાહેબ, મેં પ્રાર્થના કરેલી. મને ભાઈએ કૉલ(ટેલિફોન)ની વાત કરી અને મેં પ્રાર્થના કરેલી છે, એ જ પળે. મારે કાંઈ કાવ્ય જોડવા બેસવું પડતું નથી મહેનત કરીને. મારા હૃદયની ઊર્મિ હું વ્યક્ત કર્યા કરું છું. પછી, પરિણામ મારાથી આવ્યું છે એમ હું કહેતો નથી. એ તો હજાર હાથવાળો ભગવાન, પણ તમને એનું મહત્ત્વ સમજાવું છું.

જે છોકરીનું આપણે ત્યાં જ મરણ થયેલું, તેનો બાપ આપણને આટલી બધી મદદ કરે છે, એ એની વિશિષ્ટતા છે. એ ભગવાનની શક્તિ છે. (એ શક્તિ) અહીં અગાડી કામ કરી રહેલી છે. એ તમારા કોઈના ખ્યાલમાં હજુ પણ આવી નથી. કે એની જે છોકરી આપણે ત્યાં દુકાનમાં મરી જાય છે, એવા સંસારી માણસને કોઈ ને કોઈ grudge (મનદુઃખ) રહે જ, પણ એને રહ્યું જ નથી. on the contrary (ઊલટાનું) કેટલી બધી એણે આપણને મદદ કરી છે ? આપણા કહ્યા સિવાય, Spontaneously-સ્વમેળે. તમારે ગળે ઉતારવાને કહું છું કે ભગવાનની શક્તિ અહીં કામ કરી રહેલી હતી, પણ એનું મહત્ત્વ આપણા દિલમાં જાગેલું નથી.

આ બધી વાત મારી જાતને ઠસાવવાને કે મહત્ત્વ પમાડવાને કહેતો નથી. એ વિચાર પાછો મનમાં લેશો નહિ. લેશો તો મારે કાંઈ હરકત નથી. જેવા જેવા પ્રકારની પ્રકૃતિ, જીવસ્વભાવ હશે તે પ્રમાણે જ તે સમજવાના છે. એની સાથે મને કોઈ નિસબત નથી. તમારા બધાના આર્થિક—સ્થૂળ ક્ષેત્ર ઉપર, સૂક્ષ્મ ક્ષેત્ર ઉપર અને આધ્યાત્મિક ક્ષેત્ર ઉપર તમારા બધાના હિતમાં આ

જીવ પ્રભુકૃપાથી સંકળાયેલો છે. એ વાત જો તમારે ગળે ઊતરી શકે તો સારી વાત છે. નહિતર હરિ હરિ.

## ૧૨. તામિલ સંસ્કૃતિની મહત્તા

બીજી એક હકીકત એ છે કે આ વર્ષે મેં લીધેલાં જે કાર્યો છે, તે તમને સમજાવું છું. શેને શેને માટે હું પૈસા લઉં છું. જેમ કે મારા જીવનમાં ઊણપોને ટાળવાને મેં પ્રયાસો કર્યા છે, તેવી રીતે આપણા સમાજના જીવનમાં અનેક પ્રકારની જે ઊણપો છે, તે ટાળવા મારો પ્રયત્ન છે, ભગવાનની શક્તિથી.

ત્યારે આપણી ગુજરાતી ભાષા આટલી મોટી ભાષા કહેવાય. હું તો કહું કે તામિલની સરખામણીમાં આપણું સાહિત્ય બાળક જેવું ગણાય. તામિલ સાહિત્યની સરખામણીમાં આપણું ગુજરાતી સાહિત્ય તો એક બાળક છે. અનેક પ્રકારની ઊણપો છે. હિંદુસ્તાનની અંદર બે ભાષાઓની અંદર વિપુલ સાહિત્ય છે. એક બંગાળી અને તામિલ. બંગાળી કરતાં પણ તામિલ ચડી જાય છે. તામિલ આ પ્રદેશની સંસ્કૃતિ, આર્યન સંસ્કૃતિ કરતાં પણ બહુ જૂની છે. અને આ બધા લોકો આપણને આ બ્રાહ્મણો કે બીજા લોકો સમજાવે છે તેવું ન હતું. એ સંસ્કૃતિ (આર્યન સંસ્કૃતિ) ચડિયાતી હતી અને આ તામિલ સંસ્કૃતિ નીચી હતી, એ વાતેય ખોટી છે.

મારી સમજણ અને મારા પોતાના પ્રયોગના અનુભવથી કહું છું કે આ સંસ્કૃતિ એટલી જ ચડિયાતી છે. એમણે પણ આત્માનું અને ભગવાનનું અસ્તિત્વ સ્વીકારેલું છે, આ સંસ્કૃતિએ પણ. એમાં આર્યન સંસ્કૃતિએ આવીને વિકાસ કરાવડાવ્યો એ જુદી વાત છે.

## ૧૩. બ્રાહ્મણોની પડતી

પછી આપણે એમને બ્રાહ્મણ સંસ્કૃતિએ—એમને જીતી લીધા અને એટલું જ નહિ પણ બ્રાહ્મણ સંસ્કૃતિએ એનું સર્વોપરીપણું એના ઉપર દાબી દીધું. જે આ સંસારમાં ચડતીપડતીનો એ ક્રમ છે.

સાહેબ, હવે બ્રાહ્મણોની પડતી થવા લાગી છે.

આ એક ક્રમ છે. બ્રાહ્મણોનું મહત્ત્વ એટલું બધું થઈ ગયેલું, એને બહુ દીર્ઘ દૃષ્ટિથી એક એવી Method (વ્યવસ્થા) ઉપજાવી દીધેલી. જીવનમાં તાણાવાણાની પેઠે એવા વણાઈ ગયેલા કે દરેકમાં એનું વર્ચસ્વ જ રહે. જીવતું જ રહ્યા કરે. એટલી બધી વિધિઓમાં આ જેમાં ને તેમાં ગમે તે બ્રાહ્મણ તો જોઈએ જ. ચડેલું તે પડે જ. ચડતીપડતીનો આ કુદરતનો ક્રમ છે સાહેબ. એમાંથી કોઈ બાકાત નહિ. એટલે બ્રાહ્મણોનું વર્ચસ્વ જવાનું છે. હવે જુદા પ્રકારના બ્રાહ્મણો થવાના. બ્રાહ્મણ કંઈ નષ્ટ નહિ થઈ જાય, પણ જનોઈ પહેરે કે બ્રાહ્મણ ઘેર જન્મ્યો હોય, તે જ બ્રાહ્મણ એમ નથી. **'ગીતા'** તો એની ના પાડે છે, પણ એ હકીકત જુદી છે.

## ૧૪. ચીજવસ્તુમાં પૈસા રાખજો

એટલે તમને બધાને મારી પ્રાર્થના છે કે ભાઈ, આ કાળ વિપરીત આવે છે. કઠણ કાળ આવે છે. તમે જાણતા નથી અને મને ખબર છે. આ Chaos આવવાનો છે. હું તો ઘણાં વર્ષોથી કહેતો, હવે તો આ અરવિંદ આશ્રમવાળા કહે છે, ત્યારે હવે મારી વાત કેટલાક માનવાને તૈયાર થશે, નહિતર કોઈ અત્યાર સુધી માનતા નહિ. એ મોટા માણસ ભાઈ. આખી દુનિયામાં પંકાયેલા. કે આ Chaos આવવાનો છે, એ પણ કહે છે. તોપણ આંખ કોની ઊઘડે ? ના ઊઘડે સાહેબ. પણ મારું તો તમને બધાને એ કહેવાનું છે કે તમારી સાથે આ સ્થૂળ રીતે પણ

સંકળાયો છું. એટલે કહું છું કે ભાઈ, તમે ચેતજો. ત્યાગ અને પરમાર્થ કરશો એ જ સાથે આવવાનું છે, પણ રામ તારી માયા ! કોણ જાણે ? એ કાંઈ ગળે ઊતરવાનું નહિ. ઊતરે કે ના ઊતરે. **મારે તો ચેતવવા કે ભાઈ ચીજવસ્તુઓમાં પૈસા રાખજો.** કંઈક એવી રીતે રાખજો કે રોટલે તમે દુઃખી ના થાવ. છોકરાં દુઃખી ના થાય. અત્યારે છે. વરસાદ આવે ત્યારે ટાંકામાં પાણી ભરી લેવું. એવી કંઈક વ્યવસ્થા ઊભી કરજો કે છોકરાંને રોટલો તો શાંતિથી મળ્યા કરે. આ પૈસો સાચવેલો સચવાશે નહિ સાહેબ. જેને લખી લેવું હોય તે લખી લો. મારા મરી ગયા—આ શરીર ગયા-પછી તમને એ કાળ આવશે ત્યારે તમને સાચું લાગશે. રૂપિયા, પૈસા-ટકા, ધન-દોલત, માલમિલકત, ઘરબાર સાચવ્યાં સચવાવાનાં નથી. એવો કાળ આવી રહેલો છે. ક્યારે આવશે, તે હું કહી શકતો નથી. માટે, મારે તમને ચેતવવા જોઈએ. તમારામાંનું એક હું અંગ છું.

## ૧૫. સમાજ માટે લૂંટારો પણ બનું

તો વળી પાછા તમારામાંના બુદ્ધિવાળા કહેશે કે આ **મોટા** તો અમસ્તા બડબડ કરે છે. પૈસા લૂંટી લેવા છે. મારું ચાલે તો હું લૂંટી લઉં સાહેબ. મારો પહેલો હક તમારા બધા ઉપર છે. મારું ચાલે તો હું જરૂર લૂંટી લઉં. છૂટકો ના કરું. ચાવીઓ તમારી અદૃશ્ય કરી દઉં.

એવો પ્રસંગ પ્રયોગ કરીને બતાવ્યો છે, પણ કોઈ માને નહિ. વડોદરામાં સાહેબ, હું, જયરામભાઈ દેસાઈને ત્યાં હતો. હજી જઈને પૂછી જુઓ એની બૈરીને. તેની છોકરીને કહ્યું, ‘અમિતા, આ જ તો આ પુષ્પાશંકરનું (જયરામભાઈ દેસાઈનાં પત્ની પુષ્પાબહેન) બધું કાઢી લેવું છે, કબાટમાંથી. માટે, આ ચાવી તું

સંતાડી રાખ. પેલી અમિતાને કહ્યું. એમની છોકરીને, પણ એ તો એનું કાંઈ ગજું બિચારીનું ? અને એ સાચી રીતે **મોટા** બોલે છે એવું માને કંઈથી ? ના માને સાહેબ, પણ તે રાત્રે એને ચાવી જડી જ નહિ. સવાર સુધી નહિ જડેલી. જેને પૂછવું હોય તે પૂછી આવે. Atleast - ઓછામાં ઓછી મને આવી ખબર મળેલી છે.

એટલે ભગવાનની કૃપાથી મને એવું નિમિત્ત મળે તો મને આમ હૈયે આંચકો નહિ થાય, કોઈ દહાડો, જરા પણ તમારું લૂંટી લેતાં. પણ એવું નિમિત્ત મળે ત્યારે. એમ ને એમ તો મારાથી થાય નહિ. તો તો હું લૂંટારો ગણાઉં, પણ એક **સમાજસુધારક તરીકે પણ એક લૂંટારો થવાનું પસંદ કરું છું,** આ કાળમાં, કારણ કે સ્વાર્થ એટલો બધો કેંદ્રિત થઈ ગયેલો છે !

## ૧૬. દ્વંદ્વો સમતુલા જાળવે છે

આ જગતની અંદર આ સમતુલા છે. Balance of power છે. Balance of power એટલે એક સમતુલા બધી જળવાઈ રહે, કુદરતની. એ સમતુલામાં આ દ્વંદ્વની રચના છે. એ સમતુલાને જાળવવાને માટે એક દ્વંદ્વની રચના કુદરતે ઊભી કરેલી છે. સ્વયંભૂ રીતે કે શી રીતે ? સત અને અસત, પાપ અને પુણ્ય, પ્રકાશ અને અંધકાર, સુખ અને દુઃખ, નિવૃત્તિ અને પ્રવૃત્તિ, એવી જ રીતે સ્વાર્થ અને પરમાર્થ.

કુદરતનાં આ જે દ્વંદ્વ છે, રાત્રિ અને દિવસ, એમ મનુષ્યના જીવનની સાથે સંકળાયેલાં જે દ્વંદ્વ છે, તે સ્વાર્થ અને પરમાર્થ બે મળીને એક યુનિટ થાય. અને આપણે બધા તો સ્વાર્થમાં જ નરાતાળ ગળાડૂબ ડૂબેલા. તે નહિ ચાલે સાહેબ.

હું કાંઈ ઉપદેશ દેતો નથી. આચરીને કહું છું. મેં મારા પૈસા રાખ્યા નથી. ધાર્યું હોત તો લાખ-દોઢ લાખ તો મારા અંગત

થઈ જાત. મારા સાહિત્યના તો પચાસ હજાર ઉપરાંત થઈ ગયેલા છે. બીજા પચાસ હજાર. એટલે હું આચરીને તમને કહું છું. એમ ને એમ નથી કહેતો, પણ એ કોણ સમજે ? અને કોણ ગળે ઉતારે ? નહિ ઉતારે કોઈ. એય હું તમને ખાતરીથી કહી દઉં કે પૈસો, ટકો, ધન, દોલત, માલ, મિલકત, છૈયાંછોકરાં કોઈ રહેવાનું નથી. આ આત્મા જ—પરમાત્મા જ એક સત્ય હકીકત, પણ એ કાંઈ ગળે ઊતરે તમને બધાને ? રામ રામ કરો. કોઈને ના ઊતરે.

## ૧૭. દ્વંદ્વના ઘર્ષણથી જ્ઞાન

પણ એક વાત સાચી છે કે આ જીવન મોંઘામાં મોંઘું છે. **મનુષ્યદેહ દોહ્યલો કહ્યો છે.** તે અમસ્તું નહિ. કોઈ પણ યોનિમાં, ગમે તે દેવયોનિમાં હોય. ચૌદ પ્રકારની જીવની યોનિ છે. એમાં એક મનુષ્યની યોનિ દ્વારા જ ચેતનને અનુભવી શકીએ એમ છીએ, કારણ કે એમાં દ્વંદ્વ અને ગુણની રચના છે. દ્વંદ્વ એટલા માટે કે સત-અસત, પાપ-પુણ્ય, પ્રકાશ-અંધકાર, દિવસ-રાત્રિ આ બધું છે. એનાથી **આ દ્વંદ્વને કારણે ઘર્ષણ થાય.** આ ઘર્ષણથી માણસ વિચારે. ઘર્ષણ એ મનુષ્યને અંદરમાં અંદર ઊંડામાં ઊંડે ઉતારવાને માટેની એક સૂક્ષ્મ પ્રકારની કુદરતની સહજ યોજના છે. બીજી કોઈ યોનિમાં આવું ઘર્ષણ શક્ય જ નથી. દેવયોનિમાંય નથી. કોઈ યોનિમાં ના મળે.

આ રચના જ એવી કુદરતની—ભગવાનની થયેલી છે કે માણસને ઘર્ષણમાં મુકાવું જ પડે. અને એને અંગે એ વિચારે અને ઘર્ષણ થાય તો જ માણસ ઊંડું વિચારતો થાય છે કે આખી યોજના આ ચેતના જે છુપાયેલી રહેલી છે તેને માટે છે. લીલા એને એટલા માટે કહે છે કે એ એટલી બધી સંતાઈ ગયેલી છે

કે એને આપણે ઘર્ષણથી વિચાર કરી કરીને એને આપણે બોલીને અનુભવીએ. ત્યારે જ જીવનમાં ઓર લહેજત આવે છે સાહેબ ! હું તમને સાચી રીતે કહું છું. આ પણ પ્રયોગ છે.

## ૧૮. રોગગ્રસ્ત શરીરથી પણ પરમાર્થ

મારા શરીરને આટલા બધા રોગો છે, તે કલ્પના નથી. કોઈ પણ તમે કહો તો, તમારી તૈયારી હોય તો, કોઈ પણ clinic(દવાખાના)માં બેસીને મારા શરીરને તપાસડાવાની મારી તૈયારી છે. પ્રોસ્ટેટ ગ્લૅન્ડ છે. આ કમરનું દર્દ છે. બધા મણકા જોડાઈ ગયા છે. એક્સ-રેમાં આ બતાવી શકાય એવું છે. માથામાં ઝામર છે. એટલે આ ફેંટા પહેરું છું. આંખોનું દર્દ છે. દમનું દર્દ તે અત્યારે પણ મને છે. એવાં કેટલાંય જે દર્દો છે, તે તપાસી શકાય એવાં છે. પેટમાં દુઃખે છે, એ તપાસી ના શકાય, પણ બીજાં મને જે દર્દો શરીરને છે, એ તપાસી શકાય અને બતાવી શકાય એવાં છે. એવા શરીરે પણ હું પરમાર્થ કરતો રહું છું કે તમારા બધાના ખ્યાલમાં કાંઈ ઊતરે, કારણ કે તમે મારું કુટુંબ છો. આ તો કહે અમે ઘણું કર્યું છે. સારી વાત છે. કરતા હો તો ધન્યવાદ છે.

## ૧૯. સમાજની સમગ્રતાને સ્પર્શે એવાં દાન

પણ એ પરમાર્થ કરતી વખતે એક એનો કાયદો કરો કે શેમાં પરમાર્થ ? સમાજની સમગ્રતાને સ્પર્શે (પૂજ્ય શ્રીમોટા વચ્ચેથી કહે છે Execuse me as I am speaking in my own mother tongue because, I am in my own family) સમાજની સમગ્રતાને સ્પર્શે એ જ પરમાર્થ. બીજો નહિ સાહેબ.

(આ ગુરુપૂર્ણિમાના પ્રસંગે ગુજરાતી ન જાણતા એવાં થોડાં સ્વજનો પણ હાજર હતાં. જેથી પોતે ગુજરાતી ભાષામાં બોલતા હોવા અંગે સ્પષ્ટતા કરી હતી.)

આ કાળની અંદર તમે મંદિર બંધાવો, યજ્ઞ કરો, તમે ફલાણું કરો, આ કરો તે નહિ ચાલે. આ કાળ એવો છે કે સમાજની સમગ્રતાને સ્પર્શે એવાં જ કર્મો હોય તો જ સાચાં કર્મ અને તમારા બધાના સહકારથી, સહાનુભૂતિથી એવાં કર્મ કરું છું.

## ૨૦. ભગવાનની ભક્તિ સ્વવિકાસ માટે કરો

હવે એના ઉપર હું આવીશ કે સમાજની જેમ મારા જીવનમાં મેં ઊણપો દૂર કરી છે. સમાજને હું મારો ભગવાન ગણું છું, પરંતુ છૂટો પડેલો છે. એ ભગવાન વ્યક્ત થવાનું માધ્યમ છે. એ સમાજ માટે ભક્તિરૂપે કરું છું. જેમ ભગવાનનાં ચરણકમળમાં ભક્ત સુવાસિત વિકસેલાં પુષ્પ પ્રેમભક્તિપૂર્વક અર્પે છે, તે ભગવાનને માટે નહિ પણ પોતાની ભક્તિને વ્યક્ત કરવાને માટે. ભગવાનને કાંઈ કોઈની ભક્તિ-બક્તિની કે પૂજાની પડી નથી. ભગવાનને તો કોઈ જાતની ઇચ્છા નથી. ભગવાન ક્યાં માગે છે તમારી પાસે ? તમારો પોતાનો વિકાસ થવાને માટે એને ભજવું હોય તો ભજો. ભગવાન કંઈ કહેતો નથી. ભગવાને આપણને તો એટલી બધી સ્વતંત્રતા આપી છે કે તમે પાપ કરો, પુણ્ય કરો, નઠારું કરો, સારું કરો, જે કરવું હોય તે કરે જાવ. એ નઠારાને પણ ચાહે છે. દુષ્ટમાં દુષ્ટ, નિમ્નમાં નિમ્ન પ્રકૃતિને, ભયંકરમાં ભયંકર પાપ કરનારને પણ ભગવાન ચાહે છે. વિચાર કરો સાહેબ. અને આપણે એના તરફ અણગમો. સામુંય ના જોઈએ. એ ચાલશે નહિ. આપણે ભગવાનનું પ્રતિબિંબ છીએ. એવાને પણ નિમિત્ત સંજોગે મળવાનું થયું તો એમને પણ ચાહો, પણ એ આજે એવું નથી ચાલતું..

## ૨૧. પેઢીને ટકાવવા સંપ રાખો

આજે તો કુટુંબના મેળામાં હું રાગદ્વેષ જોઉં છું. આપણી પેઢીને પણ ટકાવવી હોય તો આપણે સંપ કરવો, પ્રેમ કરવો, એકબીજાની નજીક આવો. એકબીજાનાં દિલ એકબીજા પાસે પ્રેમથી ખુલ્લાં કરો. આ બધું કરશો તો હજુયે નભશો. **બાકી, વેરવિખેર થઈ જશો સાહેબ. આ સાચી વાત કરું છું. આ મારા દિલની વાત તમને બધાને કરું છું કે સ્વાર્થ ખાતર પણ બધા એક થાવ.** આ માંહેમાંહેના ભેદ ટાળો અને ભેદ વધારો એવી વાતો ના કરો, પણ કોણ માને ? નહિ માનવાના સાહેબ. તમને આ મરતાં મરતાં કહેતો જઉં છું. બેચાર વર્ષ જીવન જીવવાનું હોય એટલે જીવીને આ પરમાર્થ કરું, એવી મારે માટે પ્રાર્થના કરજો.

## ૨૨. ગુજરાતી ભાષાના વ્યાકરણની રચના

ત્યારે આ ઊણપો ટાળવાને પણ મારાથી જેમ મારા જીવનને મેં કર્યું એમ હું કરું છું. આટલી મોટી આપણી ગુજરાતી ભાષા, પણ એમાં આ એક વ્યાકરણ ના મળે સાહેબ. એક અમેરિકન વિદ્યાર્થીએ લખ્યું. વિચાર કરો સુરેશકાકા. ગુજરાતી ભાષા અમેરિકન વિદ્યાર્થી શીખતો હતો, ત્યારે એણે વ્યાકરણ પોતે લખ્યું. વ્યાકરણ, ભાષાને માટે essential-બહુ જરૂરનું. ત્યારે મારું માથું તો શરમથી નીચું પડી ગયું. સાલી આપણી કેટલી લાચારી ! ત્યારે મેં વ્યાકરણનું કામ હાથમાં લીધું અને એ થાય છે હવે, પણ એમાં કહું સમાજે એક પૈસો મને આપ્યો નથી સાહેબ. હમણાં એક જણે સો રૂપિયા આપ્યા, પણ આટલા બધા કવિઓ, સાક્ષરો, પ્રોફેસરો, વિદ્વાનો, પૈસાદારો. કોઈએ નથી આપ્યા. પૈસા તો મને મળે છે અને પૈસા તો મારા સંબંધને કારણે લોકો મને આપે છે.

## ૨૩. આપમેળે થયેલા સંબંધથી પૈસા મળે છે

એવા એવા સંબંધો થયા છે સાહેબ. આ પણ એક શોધ છે કે મારા જીવનની પ્રયોગાત્મક હકીકત છે. જો તમારે ગળે ઊતરે તો. કોઈની સાથે હું સંબંધ બાંધવા ગયો નથી-કોઈની સાથે, પણ ભગવાન એવા સંબંધો મારાં કર્મ કરવાને મને મેળવી આપે છે કે જેણે મને લાખો રૂપિયાની મદદ ઉઘરાવી આપી છે અને આપ્યા છે.

હમણાં જ એક વર્ષથી જ સંબંધ થયો છે આ રમણભાઈ અમીન, એલેમ્બિકવાળા સાથે. બહુ મોટા પૈસાદાર. આપણા બધા કરતાં તો ઘણા મોટા પૈસાદાર. આખા ગુજરાતમાં એના એકલાની પાસે જ વિમાન. ફર્સ્ટ ક્લાસ પાઈલટ અને એટલો બધો નમ્ર માણસ સાહેબ. તમે જુઓ તો કેટલી મારા શરીરની સેવા કરે છે. જેણે જાતે જોયું છે, (એને ખબર પડે.) એટલી બધી મદદ એણે મને કરી આ એક વર્ષની અંદર. એટલે આ પણ મારા જીવનની એક સાબિતી છે. કોઈની સાથે હું સંબંધ બાંધવા ગયો નથી સાહેબ-કોઈની સાથે નહિ. આપમેળે સંબંધો થયા. તેને જાળવી રાખવાને મારો પ્રયત્ન છે, ભગવાનની કૃપાથી. આ પણ એક સાબિતી છે.

ત્યારે કોઈ પૈસાદારે મને પૈસા નથી આપ્યા કે ભાઈ આ વ્યાકરણ થાય તે બહુ જરૂરનું ગુજરાતી ભાષા માટે. કોઈએ આપ્યા નથી ઉમળકાથી કે ચાલો ભાઈ આ **મોટા,** કામ કરે છે તો લ્યો આટલા મારા તરફથી, પણ આવા આવા જે સંબંધો થયેલા છે તે ભગવાને મને કરી આપ્યા છે. હજાર હાથવાળો ધણી. નહિતર હું કહું કેવી રીતે ? મને સાબિત કેવી રીતે થાય ? મારા ગુરુમહારાજ કહે બેટા, પ્રયોગથી સાબિત જાણવું. પ્રયોગ વિનાનું સાબિત નહિ. **મોટા,** આમ ગમે તેમ બોલ્યા કરે તે નહિ

ચાલે કે હજાર હાથવાળો આ મારો ભગવાન છે ! આ બધાં કામ લીધાં, એને લીધે આ બધા સંબંધો વહેલા વહેલા મળી ગયા. (નહિતર) કેટલોય કાળ લાગત ! નિમિત્ત હોત તો મળે તો ખરાં જ. નિમિત્તને કારણે એ બધા મળવાના તો ખરાં જ, પણ આ કર્મને લીધે કાળ ટૂંકાઈ ગયો. ઘણાં બધાં મને વહેલાં મળી ગયાં. ત્યારે એવા સંબંધો મને પૈસા ભેગા કરી આપે છે.

## ૨૪ વ્યુત્પત્તિના પુસ્તકની રચના

એવું આ સાલ 'વ્યુત્પત્તિ' આપણી ભાષામાં નથી. કોઈ ચોપડી જ ના મળે સાહેબ. એ પણ એક મોટામાં મોટી ઊણપ છે. ત્યારે વ્યુત્પત્તિ એટલે તમને અંગ્રેજીમાં કહું Etyomology-ઈટિમૉલોજીમાં આ બધું આવે એને વ્યુત્પત્તિ કહે. આપણી ભાષામાં ચોપડી જ નથી. એ પણ કામ માથે લીધું આપણે, અને આપણે ત્યાં નિષ્ણાત માણસો છે સાહેબ. એ ખૂબીની-જોવાની વાત છે, પણ એને પોરો ચડે અને એ ખુશ થાય, સંતોષ પામે એટલી રકમ આપણે આપવી જોઈએ. ત્યારે અમે એ કામ કર્યું ભાઈ. એને પેટ ભરાય એટલું આપો. (એ કામ) પણ સુંદરમાં સુંદર થવું જોઈએ. ભાયાણી કરીને એક બહુ ઉત્તમ માણસ છે આ વિષયનો. એ વિષયમાં ઉત્તમમાં ઉત્તમ, પણ એને એમ ના થયું કે આ પુસ્તક લખી નાખું.

## ૨૫. 'જિજ્ઞાસા' પુસ્તકનું સર્જન

મને મારા ભગવાને હુકમ કર્યો અને 'જિજ્ઞાસા' લખાવી. 'જિજ્ઞાસા' એકલી જ કોઈ વાંચે-એટલું એક જ પુસ્તક. 'જિજ્ઞાસા' એ તો અમારા સાહેબ હરિભાઈ સરકારને માટે

મેં લખેલું. ચારપાંચ કાગળો એમને લખ્યા, પણ વચ્ચે મને લાગ્યું કે આ ભાઈ સાહેબનો અત્યારે કાંઈ મૂડ નથી. નાનપણમાં હતો, તે હવે કાંઈ સમજતા હોય એવું લાગતું નથી. એટલે મેં જવા દીધું અને પછી મારી મેળે મેં લખ્યા કર્યું. તે એકવીસો શ્લોકનું આ પુસ્તક છે. તો કોઈ જિજ્ઞાસુઓ આ પુસ્તક એકલું વાંચે તોય મારા જીવનને સાબિત કરી શકે એવી હકીકત છે, કારણ કે મેં કોઈ શાસ્ત્રો વાંચ્યાં નથી, **'ગીતા'** સિવાય. એ પણ ભગવાનનો હુકમ મળ્યો ત્યારે વાંચી. અને આ એકલી 'જિજ્ઞાસા' કોઈ વાંચે તો આ જીવને આ જીવન અનુભવથી પ્રયોગાત્મક છે, એટલી એને ખાતરી થાય અને આખા હિંદુસ્તાનમાં પાંચછ એવા વિદ્વાનો છે, જે સંસ્કૃતના ઉત્તમમાં ઉત્તમ જાણકાર એવા એક જણ પાસે પ્રસ્તાવના લખાવી છે કે એની authority-અધિકૃતપણાનો પણ કોઈને ખ્યાલ આવે એટલા માટે.

## ૨૬. ફાજલપુરમાં 'ગીતા' ઉપર લખાણ

**'ગીતા'** ઉપર મેં આ વખત લખ્યું. અહીંયાં આવવાનો હતો. કુંભકોણમ્‌માં. મને અહીં નિરાંત મળે કે હું લખી શકું. નક્કી થઈ ગયેલું. લાલાજીને પણ લખી દીધેલું અને પછી અમે ગયા વડોદરા રમણભાઈ એલેમ્બિકવાળાને ત્યાં. પછી વાત કરી કે ભાઈ, અમે તો જવાના છીએ, થોડા વખતમાં કુંભકોણમ્. તો મારે આવું લખવું છે અને બધાને વાત કરી કે અહીં તો બધા આવ્યા કરે અને મને વખત ના મળે. એટલે તેઓ કહે કે **મોટા,** અમારો બંગલો તો જુઓ. નદી કિનારે સુંદર છે. એકાંત છે. જે સરળતા તમે માગો છો, તે તમને બધી ત્યાં મળશે.

પછી અમે તો જોયો. હું અને નંદુભાઈ, રમણભાઈ શેઠ અને એમનાં શેઠાણી બેઉ લઈ ગયાં. બહુ સરસ. એ....ઈ મજાનો Well furnished bungalow. વીજળી બંધ થઈ તો પાછું જનરેટર તૈયાર. નોકર-ચાકર, ફર્સ્ટ ક્લાસ લોન, બગીચો, બહુ મજાનું. નદી કાંઠો પાસે જ. રસોઈયા. અને મેં કહ્યું, કુંભકોણમ્ કરતાં વધારે સરસ. ત્યાં તો બધા આપણાં કુટુંબીજનો મળવા આવે કરે, ત્યારે એટલો મારો વખત જાય. અહીં તો કોઈ મળવા આવે કરે નહિ. હું તો લખ્યા જ કરતો. ત્યારે આવી સરળતા મળી જાય છે ભગવાનની કૃપાથી.

બીજો કોઈ મારો હેતુ હોય તો આ **'ગીતા'** પણ મેં આ વખત ત્યાં લખી છે સાહેબ. હજુ સુધી **'વિષાદ'** ઉપર કોઈએ લખ્યું નથી. કાંઈ પણ અત્યાર સુધી. ઘણા મોટા મોટા (વિદ્વાનો થઈ ગયા.) હું કાંઈ મહાન નથી, પણ આ પણ પ્રયોગથી સાબિત થઈ શકે એવી હકીકત છે. મેં તો કોઈ શાસ્ત્રો વાંચ્યાં નથી, તેમ છતાં જે **'વિષાદ'** ઉપર લખ્યું છે, **'શ્રદ્ધા'** ઉપર હમણાં હું લખું છું. એ કોઈ ઠેકાણે મળશે નહિ લખાણ સાહેબ. બિલકુલ મારી જાતને અતિશયોક્તિમાંથી કાઢી નાખીને on the realistic side (વાસ્તવિક રીતે) વાત કરું છું, પણ એ તો જેને સમજવું હોય તે સમજશે. શરીર ગયા પછી કહેશે કે આ એક માણસ પાક્યો હતો કે જેણે આ લખાણથી પણ સાહિત્ય દ્વારા એણે પોતાના જીવનને સાબિત કરી બતાવ્યું છે, પણ એ રીતે એના જીવનમાં કોઈ ભક્તોએ, કોઈ જ્ઞાનીને લોકોએ સ્વીકાર્યા હોય એવું જણાતું નથી. મળવા આવે છે ઘણા બધા. રમણ મહર્ષિને ત્યાં બધા જતા હતા. અરવિંદ

આશ્રમમાં બધા જાય છે, પણ આવું જીવન પ્રેમભક્તિથી, જ્ઞાનપૂર્વક, હેતુની સભાનતા સાથે, સર્વ ભાવે અને સર્વ રીતે સમર્પણ થઈ ગયેલા જીવો કોક જ હોય છે, Microscopic creative Minority (સૂક્ષ્મદર્શક યંત્રથી શોધી શકાય તેવી સર્જનાત્મક અલ્પ સંખ્યા) એવું સમજવું અઘરું છે.

## ૨૭. ગુજરાતી ભાષામાં 'વેદો'ની રચના

ત્યારે આ બીજો વિચાર મને આવ્યો કે આપણે ત્યાં **'વેદ'** છે. આપણે બધા કહીએ છીએ કે અમારી સંસ્કૃતિનું મૂળ 'વેદ', પણ સાપ છે કે ઘો તે આપણે કંઈ જ જાણતા નથી. ઘણા વખતથી મારા મનમાં સંકલ્પ છે કે આ 'વેદ'ને આપણે ગુજરાતી ભાષામાં ઉતારવા. સાતવળેકર પાસે હું અને ભાઈ (શ્રી નંદુભાઈ) બેઉ ગયેલા. સાતવળેકર બહુ મોટા 'વેદ'ના વિદ્વાન. ઉંમર ત્યારે એમની નેવું ઉપર થઈ ગયેલી. બહુ સશક્ત શરીર, બહુ નાજુક. એ કબૂલ પણ થયા કે મારે એમને પંદર હજાર રૂપિયા આપવા. એ પણ નક્કી થયું. પછી એમણે ના પાડી દીધી કે મારાથી આ સંજોગોમાં કામ નહિ થઈ શકે. વળી, અમને ભગવાનની કૃપાથી સંજોગો સાનુકૂળ થયા. એવા લખનાર પણ મળી ગયા અને એ કામ હાથમાં લીધું છે. બહુ ઉત્તમ કામ છે. આખી સમગ્રતાને સ્પર્શે એવું છે. 'વ્યુત્પત્તિ'નું પણ એવું છે. મેં તમને જે વ્યાખ્યા આપી છે, તે પુરવાર કરવાને માગું છું.

## ૨૮. વિજ્ઞાન અંગેનાં પુસ્તકો અને જ્ઞાનગંગોત્રી

આ કાળ, જ્ઞાન અને વિજ્ઞાનનો સમન્વયનો કાળ છે. ત્યારે વિજ્ઞાનની અભિમુખતા આપણામાં બહુ ઓછી છે, પણ એ વિજ્ઞાનની આપણા કિશોરોમાં, કૉલેજના વિદ્યાર્થીઓમાં, આપણા જનસમાજમાં એની અભિરુચિ વધે એવાં પાંચછ ફરમાનાં,

નાનાંનાનાં પુસ્તકો બહાર પાડ્યાં. વિજ્ઞાનના ઘણા વિષયો અંગેના યોગ્ય પ્રકારના નિષ્ણાત માણસો પાસે અને બહુ સારી શ્રેણી થશે. એ આખા સમાજની સમગ્રતાને સ્પર્શે એવી છે.

એ ઉપરાંત, આપણા ગુજરાતી સાહિત્યમાં બાળકો માટે Children encyclopedia જેને આપણે કહીએ એવું કોઈ સાહિત્ય નથી. એવી કોઈ શ્રેણી નથી. આ **'જ્ઞાનગંગોત્રી'**ની શ્રેણી આપણે જે ઉપજાવી છે, એ અનુપમ છે. આજે બધા જ સાક્ષર, વિદ્વાનો, પ્રોફેસરો એની કદર કરે છે કે આ **મોટા**એ આ કામ લીધું છે, તે બહુ ઉત્તમ લીધું છે અને એના માટે પણ મેં મારું ઋણ અદા કર્યું છે. આપણી પેઢીને અર્પણ કર્યું છે. નંદુભાઈ તો ના જ કહેતા હતા કે **મોટા,** હવે શું કામ ? બધું જાણીને કોણ શું કરવાનું ? મારે કોકને માટે નહિ પણ મારે તો મારી ખાતર લખવાનું છે. આ બધાની સાથેનો મારો સંબંધ છે. જેમ બીજાનાં નામ લીધાં, તે ત્રણ પુસ્તકોમાં આપણું નામ આવે છે. એન. ગોપાલદાસના ભાગીદારોના શ્રેયાર્થે. તમે બધાએ વાંચ્યું હશે. ત્યારે એક એ પણ અનુપમ છે અને permanent value-કાયમી કીમતી સાહેબ. આ novels (નવલકથાઓ) કાઢે છે એ તો કાંઈ કાળ પૂરતું જ હોય છે. એનું અસ્તિત્વ તે સમય પૂરતું જ. જ્યારે આ permanent valueનું છે. એવી જ આ **'કિશોરભારતી'**. બે લાખ રૂપિયા ઉપરાંત એમાં આપ્યા.

## ૨૯. વિજ્ઞાન, ખેતીવાડી અને દવાઓનાં સંશોધનો માટે દાન

એવું જ બીજું કામ લીધું છે. આખા હિંદુસ્તાનમાં All India Basisનું, હિંદુસ્તાનમાં દિલ્હીની અંદર યુનિવર્સિટી

ગ્રાંટસ્ કમિશન કહે છે. આખા દેશની યુનિવર્સિટીઓને એ ગ્રાંટ આપે. બધા પ્રોફેસરો, નિષ્ણાત માણસો અને એ બધાની સાથે એને સંબંધ. એટલે આપણા દેશમાં વિજ્ઞાનના સંશોધનની હજુ ખામી છે. આખી દુનિયાના બીજા જે દેશો છે, એ દેશોની અંદર જે વિજ્ઞાનનું સંશોધન થઈ રહેલું છે, એના પ્રમાણમાં આપણે ત્યાં ઘણું ઘણું ઓછું. ત્યારે એ પણ ઊણપ છે. એ દૂર થાય એટલા માટે આ તો તલના કરોડમા ભાગ જેટલું કામ છે. આ તો કરોડો રૂપિયા જોઈએ આના માટે. તો જો આપણે ખરું કામ કરાવવું હોય તોપણ એ તો લાવું ક્યાંથી ભાઈ ? પણ તેથી કાંઈ માથે હાથ દઈને બેસી રહે એવો આ જીવ નહિ. આ તો નિમિત્ત. તલના કરોડમા ભાગ જેટલું છે, સમાજમાં ભાવ મૂકવાનો મારો આ પણ એક પ્રયત્ન છે કે આ કાળને લગતું આ કામ છે અને આખાય સમાજને સ્પર્શે એવું છે. એ સાડા ચાર લાખ રૂપિયાનું કામ લીધું છે. એમાં એક Theoritical side ઉપર. તેમાં મેઘનાદ સહા મેમોરિયલ એવૉર્ડ. બહુ મોટો સાયન્ટિસ્ટ થઈ ગયો. આપણા દેશમાં આપણે એને પૂરું જાણતાય નથી. એના જીવન વિશેય જાણતા નથી. આપણું દુર્ભાગ્ય હું સમજું છું કે આવા માણસોને પણ આપણો દેશ સમજી શક્યો નથી. એ આપણું કમભાગ્ય છે. એટલા બધા આપણા પોતાના સ્વાર્થમાં આપણે રચ્યાપચ્યા ડૂબેલા ગળાડૂબ રહીએ છીએ.

ત્યારે, બીજા એક સી. વી. રામન, હમણાં જ એ તો બહુ પ્રખ્યાત. એ તો જ્યારે બીજા દેશોએ એની કદર કરી ત્યારે આપણે એમને જાણ્યા. ત્યારે experimental side ઉપર

સી. વી. રામન મેમોરિયલ એવૉર્ડ અને, applied side, ત્રીજું ભાભા મેમોરિયલ એવૉર્ડ. એ પણ બહુ પ્રખ્યાત થઈ ગયા. મારી એવી ઇચ્છા કે આવા મહાન પુરુષોની પણ આપણે કદર કરવી. કોઈ ને કોઈ રીતે કદર કરવી.

ત્યારે આવાં કામ આશ્રમે લીધાં છે. આવતી સાલનાં પણ અત્યારથી નક્કી કરી દીધાં છે. ઇન્ડિયન કાઉન્સિલ ઑફ એગ્રીકલ્ચર રીસર્ચ છે. આપણે ત્યાં માણસોની વસ્તી વધતી જાય છે. એ તો છાપાં તમે વાંચો છો. તે જાણો છો, પણ આ જમીન વિયાતી નથી સાહેબ. જમીન કંઈ વધવાની નથી. એટલી ને એટલી જ રહેશે. ઊલટી ટૂંકી થતી જાય છે. આ જમીન ટૂંકી થતી જવાની છે. અનેક પ્રકારની ખાણોમાં, મકાનોમાં, ઉદ્યોગોમાં બીજી અનેક રીતે આ જમીન ટૂંકી થતી જાય છે. આ વીસ વર્ષમાં જુઓ તો કેટલી બધી જમીન ટૂંકી થઈ ગઈ છે ? તદ્દન સાચી હકીકત છે. ત્યારે એમાં આપણને ચાલશે નહિ. દેશની વસ્તી વધતી જાય છે.

અને અનાજ આપણે પરદેશથી લાવવું પડે છે. એ આપણા માટે લાચારીનો વિષય છે. આપણે બીજાના પરાવલંબી થઈશું, કોઈક આપણને મદદ કરે તો આપણે તેના નીચે કાંઈક ને કાંઈક એના અનુગ્રહમાં રહેવું પડે છે. ત્યારે એ સ્થિતિ આપણે ટાળવી જોઈએ કે જેથી આપણે પોતે નિર્ભય રહી શકીએ. સ્વતંત્ર. કોઈની મદદની જરૂર નહિ, કારણ કે આપણે મદદ આપણી ગરજે લેવા ગયા. એટલે આપણે કોઈ ને કોઈ રીતે એના તાબેદાર જરા સરખા પણ રહેવાના જ સાહેબ. આ Psychological fact-માનસશાસ્ત્રીય હકીકત છે.

એટલે બીજા અનેક પ્રકારના વિચાર કરીને હું આ કહું છું. એમ ને એમ નથી કહેતો સાહેબ. એટલે એ કામ મેં હાથમાં લીધું છે. એટલા માટે કે ખરી રીતે હું તો સમાજનો ક્લાર્ક છું. બહુ બહુ તો સમાજનો નોકર છું. એટલે સમાજનો મુનીમ છું. મુનીમ, શેઠ કરતાં શેઠનું હિત વધારે સાચવતો હોય છે. સાચો ખરેખર જે વફાદાર, ભક્ત મુનીમ છે, તે શેઠના કરતાંય શેઠનું હિત પેલો મુનીમ વધારે સમજે છે. જે મુનીમ ખરેખરો શેઠનો ભક્ત છે, તે એ વફાદાર છે. શેઠ પોતાનું હિત સમજે એના કરતાંય પેલો મુનીમ છે, તે વધારે સમજે. આ હકીકત છે સાહેબ. આજે એવા કદાચ ઓછા મળશે, પણ કોક હોય ખરા. પહેલાં તો સાહેબ જાણવા, અનુભવવા, સમજવા મળતા હતા આવા મુનીમો.

એટલે હું તો ઘણી વાર કહું છું. તમને જ અહીં કહું છું એમ નહિ. મારા જાહેર ગુજરાતમાંય બધાને કહું છું ભાઈ કે **મોટા**નું નામ અમસ્તું આવે છે. હું તો આ સમાજનો એક નોકર છું. મુનીમ છું. એનું હિત મારે હૈયે છે. ત્યારે આ સમાજના હિતને કારણે આ બધાં કામ લઉં છું. આપણા સમાજમાં ઊણપ છે. આ મારા જીવનમાં જે ઊણપ ટાળવાનો મેં પ્રયત્ન કર્યો છે, એવો આ પ્રયત્ન છે.

અનાજમાં સંશોધન થાય, તેલીબિયાંમાં સંશોધન થાય. આપણા દેશનો દૂધનો એક પ્રૉબ્લેમ (પ્રશ્ન) છે. તમારા તો કોઈ દિવસ ખ્યાલમાંય જાગતો નથી, આ પ્રશ્ન પણ એટલો જ વિકટ પ્રશ્ન છે.

આપણને તો નિરાંતે દૂધ ખાવાને મળે છે. એટલે આપણને લાગતું નથી. કશું એવું કાંઈ ખૂંચતુંય નથી. એ પાપ કહેવાય.

માણસોને હિંદુસ્તાનમાં દૂધ ખાવાને મળતું નથી. આપણા દેશમાં એટલું ઉત્પાદન નથી. એ ઉત્પાદન થવાને માટે ગાયોનું cross breeding (મિશ્રજાતિ) વગેરે કરવું પડશે. આપણે આ બધા પ્રયોગો કરવા પડશે અને ગાયોથી જ દૂધ વધારે નીકળી શકશે. ભેંસોથી નહિ સાહેબ. પ્રયોગથી સાબિત થયેલી હકીકત છે. ત્યારે હું તો આ રીતે બધું વિચારું છું. એ પણ એટલું જ જરૂરનું છે. એ કામ પણ માથે લીધેલું છે. આવતી સાલને માટે.

અને બીજું પણ એક કામ લીધું છે. આપણે દવા minded તો થઈ ગયા જ છીએ. આજે કોઈને દવા વિના ચાલે એવું નથી, ગામડાંઓ સુધ્ધાં. ત્યારે એમાં આજે પરદેશોમાં સંશોધનો થાય છે. આપણે ત્યાં થતાં નથી. એ આપણી લાચારી છે. એટલે એ સંશોધનો આપણા દેશમાં થાય અને એને કરનારને સારો પુરસ્કાર આપવામાં આવે એ પણ બહુ જરૂરનું છે. એ કામ પણ ત્રણ લાખનું માથે લીધું છે. આ તો આવતી સાલને માટે લઉં છું. એટલે શરીર જિવાશે ત્યાં સુધી તો આવીશ જ અને હું કંઈ બળજબરી કરતો નથી. તમે પ્રેમથી પૈસા આપશો તો લઈશ. વધારે આપશો તોય લઈશ.

તમારી પાસે ઢગલો છે અને એમાંથી કણમાત્ર આપો છો સાહેબ તમે. અને તમારા કુટુંબનું છોકરું છું અને તમારી સાથે સ્થૂળ રીતે સંકળાયેલો છું. આપો તો છો. એમાં મારા મનમાં જરા પણ એનો અહોભાવ જાગેલો નથી. આ તો મારું જ છે અને હું લઉં છું સાહેબ. એ રીતે લઉં છું. હું આ

તમને મોઢામોઢ પણ કહું છું. તમે આપશો તોય આનંદ છે, નહિ આપો તો કાંઈ મારો ભાવ તમારા પરત્વેથી કોઈ ઓછો થવાનો નથી.

મારો ભાવ એક અથવા બીજી રીતે વ્યક્ત થશે. એમાં મારા મનમાં લવલેશ શંકા નથી સાહેબ, અને મરતાં મરતાં આ શરીર હવે કાંઈ લાંબું ચાલે એવું મને લાગતું નથી, કારણ કે મારે કાંઈ મરવાની ઈચ્છા નથી, જીવવાની ઈચ્છા નથી, પણ મારા શરીરની સ્થિતિની મને ખબર છે. મને કોઈ દિવસ આ બોત્તેર વર્ષ સુધી આ થાક લાગતો નહિ.

## ૩૦. મોટાના શરીરનાં દર્દો

શરીરનાં દર્દોથી અત્યારે હેરાન તો થતો નથી, પણ હવે શરીરનું દર્દ શરીરને અટકાવે છે. એટલું બધું પાછળ બરડાનું દર્દ થાય છે કે કહ્યે કસર નહિ સાહેબ. તદ્દન સાચી હકીકત હું કહું છું. પેશાબનું એવું છે, માથાનું એવું છે અને શરીર, શરીરનો ગુણધર્મ છોડતું નથી. ઉંમર થવા આવી એટલે શરીરને પોતાની નબળાઈ પણ વધે છે અને એ નબળાઈને કારણે આ શરીરના ઉત્કટ દર્દની વેદના શરીર સહેતું નથી. એની ઉપરવટ થઈને પણ આ બધું કામકાજ ભગવાનની શક્તિથી થાય છે. આ પણ એક પ્રયોગ છે, પણ હવે શરીર ધીરે ધીરે તાકાત ગુમાવતું જાય છે, એમ મને લાગે છે. એટલે કેટલું જિવાશે એ તો ભગવાન જાણે, પણ ત્યાં સુધી અહીં આવ્યા કરીશ ખરો, પણ કૃપા કરીને એટલું યાદ રાખજો કે આપણા કુટુંબનો માણસ આવે છે. મદદ થાય તો પ્રેમથી કરજો. કોઈ કંટાળાથી કે બેળેબેળે ના કરશો કે ગોદાટીથી ના

કરશો. પ્રેમથી કરજો. ઉમળકાથી, કે આ **મોટા,** સારું કામ કરે છે. આખા દેશને સ્પર્શે તેવું. સમાજને સ્પર્શે તેવું કામ કરે છે.

## ૩૧. વીંટી પહેરવાનું મન અને મણિનગરનો ઉત્સવ

અને દાગીના તો બહેને પહેરાવ્યા, તે મને આનંદ થયો સાહેબ. ગરીબ માણસ છું. બાપજન્મારે દાગીના જોયેલા નહિ. તદ્દન સાચી વાત કહું છું તમને. મારા જીવનની હકીકત કહું છું. દીવાન સાહેબને ત્યાં હું રહેલો. પેટલાદમાં, ત્યારે મારી પાસે દાગીના સાચવવાનું કામ હતું. તિજોરીમાં જે બધા દાગીના હોય તે બધા કોના કોના છે, તે બધું નામવાર નોંધ રાખવાની જાણે કે કોઈ બહેન હોય તો એના કેટલા કેટલા, કેવી કેવી જાતના દાગીના તેની નોંધ. પુરુષ હોય તો તેમની વીંટી. આ, જે તે હોય તે બધું મારી પાસે અને મારે સાચવવાનું. એને વર્ષમાં બે વાર એ લોકોને મુખ્ય માણસને પાછું ગણી આપું.

સાલું ગરીબાઈથી એક વખતે એક વીંટી જોઈને પહેરવાનું મન થઈ ગયું. કંઈ ચોરી લેવાનું મન ન હતું. પહેરવાનું મન હતું. અને મારા હાથમાં જ બધો કાબૂ. તે મેં તો વીંટી પહેરી અને બહાર ફરવા નીકળ્યો પાછો. તે સામેથી મામા મળ્યા. એમના કુટુંબના સગા મામા. હું તો ગરીબ માણસ. વારેઘડીએ આમ પહેરીને જોયા કરું પેલી વીંટી. હાથે પહેરેલી. તો પેલા મામા મારી સામે આવતા જોઈ ગયા હશે. અલ્યા, કેમ ચૂનીલાલ ક્યાં જાય છે ? મેં કહ્યું, ‘સાહેબ, આમ ફરવા જઉં છું, મામા. અને મને પડ્યો ફડકો, કારણ કે આ મેં કરેલું તે અંદર ફફડાટ તો ખરો, બીક, ભય. એટલે મેં માની લીધું કે મામાએ જોયું હશે, તે ઘેર જઈને વાત કરશે તો મારે પંચાત થઈ જશે. એટલે પછી હું તો વહેલો વહેલો આડે રસ્તે

થઈને વહેલો ઘેર આવી ગયો અને આવીને કહી દીધું મેં કે આવું મારાથી થઈ ગયું છે. મારી ઇચ્છા ચોરી કરવાની હતી નહિ. કોઈ માનો કે ના માનો પણ સાચી હકીકત મારી આ છે. અને આ હકીકત એટલા માટે કહું છે કે મારે ઘેર સોનું તો જોયું નથી, પણ (હવે) ભગવાનની કૃપાથી ઢગલો આપે છે. કૃપા સાહેબ.

તમે મણિનગર (અમદાવાદ)માં આવ્યા હોત તો તમે દિંગ થઈ જતે. મારા એક મિત્ર હતા. ડાહ્યાભાઈ નાયક. એકાવન વર્ષથી સેવા કરે છે. ભીલોના પ્રમુખ આજે છે. અમે સાથે આ ક્ષેત્રમાં જોડાયેલા. એ તો મને જોઈને આભા જ થઈ ગયા. અરે ! **મોટા** !, આ શું છે ? મેં કહ્યું આ પણ એક વેશ છે. હું આ બહાર કાઢું છું. તમે બધા અંદર કાઢો છો. તે કાને કુંડળ. જેમ મૂર્તિને હોય છે એમ કાને કુંડળ. ગળામાં કેટલા બધા હાર ! અહીં બાજુબંધ, અહીંયાં કમરે સોનાનો કંદોરો. પગમાં સાંકળાં સોનાનાં. અહીંયાં બૈરાં પહેરે છે એવો. શું કહેવાય ?... તે પણ સોનાનાં. જોકે એટલા બધા ભારે તોલાના ન હતા, પણ સારા પ્રમાણમાં હતા. બધા દાગીના પહેરાવેલા સાહેબ.

## ૩૨. સ્વજનોમાં પ્રેમભક્તિની ઊણપ

ત્યારે હું તો ભગવાનની શક્તિને વારી વારી જતો. હે ભગવાન, તું કેવો છે ? આ ગરીબને તવંગર બનાવી દે છે. અને એક પણ પૈસો મેં અંગત કામ માટે વાપર્યો નથી. એ તો પૈસા ઉપજાવીને હું તો સારાં કામમાં લઉં છું.

ત્યારે આ જીવનમાં આ મારું જીવન પ્રયોગાત્મક છે સાહેબ. પણ **એને કોણ સ્વીકારે ? પાસેનાય નહિ સ્વીકારશે. એ પણ એમનામાં અખંડ પ્રેમભક્તિ એવી પ્રગટેલી હું અનુભવતો નથી.**

ત્યારે આ વાત જે છે, તે પ્રત્યક્ષ બને છે. આ મારા

જીવનમાં સાહેબ, પણ એને અનુભવવો દુર્લભ છે, કારણ કે એવા પુરુષો સત અને અસત બંનેમાં રમતા હોય. ભગવાન જેમ સતમાંય છે અને અસતમાંય છે. તે આપણે theoretically, intellectually (સૈદ્ધાંતિક રીતે - બૌદ્ધિક રીતે)એ સ્વીકારીએ છીએ. અને તે બરાબર લાગે છે, પણ on the practical side વ્યાવહારિક રીતે એવો માણસ કોઈ હોય તો આપણાથી નહિ સ્વીકારાય, કારણ કે એને તો સતમાંય નિમિત્ત હોય, અસતમાંય નિમિત્ત હોય, પાપમાંય નિમિત્ત અને પુણ્યમાંય નિમિત્ત. તે નિમિત્ત કંઈ એના જીવનમાંથી છટકી જતાં નથી. ત્યારે પણ એ એવા પ્રકારનાં નિમિત્ત મળે એવી નિમિત્તની પ્રકૃતિ પ્રમાણે ત્યાં વર્તતો હોય છે, પણ એનો ભાવ ત્યારે જુદો હોય છે.

પણ ભાવને શી રીતે પરખાય ? એ કાંઈ હજુ થરમૉમિટર આપણા હાથમાં આવ્યું નથી, પણ આ વિજ્ઞાન એવું આગળ વધ્યું છે કે એ પણ આવશે સાહેબ. સૂક્ષ્મમાં સૂક્ષ્મને પરખી શકે એવાં યંત્રો પણ થવાં લાગ્યાં છે. બહુ સૂક્ષ્મ જે આપણી કલ્પનામાં પણ ના આવે.

પણ આવા માણસો પોતાના પ્રયોગ દ્વારા સાબિત કરી બતાવે છે, પણ આપણા હાલના જીવનના લોકોને એ સ્વીકાર્ય નથી થતું. આ આઈનસ્ટાઈન, આઈનસ્ટાઈન બહુ મોટો સાયન્ટિસ્ટ થઈ ગયો. Theory of Relativity (સાપેક્ષવાદનો સિદ્ધાંત) એણે શોધી કાઢી અને સાબિત થઈ અને આજે જગત સ્વીકારે છે, પણ આવા અમારા જેવા પુરુષોએ પોતાના જીવનને ફના કરી દઈને, સમર્પણ કરી દઈને જે તત્ત્વ જીવનમાં તારવ્યું છે,

એને સ્વીકારવાને, એ પ્રયોગને સ્વીકારવાને આપણે કોઈ તૈયાર થતા નથી, એ મોટામાં મોટી શરમની હકીકત છે. પેલી સ્વીકારે છે. ક્યાં જાણો છો તમે ? મોઢેથી બોલીએ છીએ એટલું જ. એના તથ્ય વિશે કે એના તત્ત્વ વિશે જાણતા નથી. જ્યારે અમારું તત્ત્વ તો આજે પણ જીવનારા માણસો છે. આપણા દેશમાં અને બીજા દેશમાં પણ, પણ એ કોઈથી સ્વીકારાતું નથી. એ મોટામાં મોટી નાલેશીવાળી હકીકત છે, આપણા દેશની. બીજા દેશોમાં પણ એમ જ છે.

## ૩૩. કદરહીન સમાજ

ઈશુને કોઈ ક્યારે સમજ્યા હતા ? ફાંસીએ દીધો બિચારાને. નરસિંહ ભગત. બિચારો ભગવાનનું ભજન કરનારો. એની નાતવાળાઓએ એને રંજાડવામાં બાકી નથી રાખ્યું, પણ એટલું મને મારા ભગવાને-મને મારા ગુરુમહારાજે મારા ઉપર બહુ કૃપા કરી છે. મારા ગામમાં જઈને મેં આશ્રમ કર્યો, ત્યારે ઘણાએ મને ના કહી. અલ્યા ભાઈ ! તારા ગામમાં ના જા તું. ઠીક નહિ ત્યાં. બિલકુલ સારું નહિ. પણ ત્યાં જ કર્યો. મારા જ્ઞાતિવાળા, સગાંસંબંધીઓએ કોઈ વિરોધ નથી કર્યો. સહાનુભૂતિ નથી એ વાત સાચી. કોઈ મળવાય આવે કરે નહિ. હુંય જતો નથી કોઈને ત્યાં. હું તો કોઈ દિવસ કોઈને ત્યાં એમ ને એમ જતો જ નથી. દક્ષિણા વિના કોઈ ઠેકાણે મારે જવું નહિ. બિલકુલ નહિ. ગમે તેને નારાજ કરતાંય હવે મને વાંધો નથી. **મોટા,** તમારે સંબંધ છેને ? સંબંધ તો મારે ઘણાય બધાની સાથે છે. તે બધાની સાથે ક્યાં રખડ્યા કરું ? શું કરવા મારે જવું ? મૂઓ. મારી જિંદગીને મારે વેડફી દેવી નથી ભાઈ. તમારે વેડફી દેવી છે, મારે

વેડફી નથી દેવી. ખરાબ લાગશે તેનો મને વાંધો નથી.

એટલે કેટલા બધા સંબંધો અને જેવો તમારી સાથે સંબંધ એવો બધાની સાથે સંબંધ. એ બધાની સાથે એમ ને એમ રખડું તો મારો આરો ક્યાં આવે ? એના કરતાં ભાવપૂર્વક, ભક્તિપૂર્વક જે કામ કરવાનું છે, એ કામના ઉપયોગ અર્થે જ જીવવું છે. બીજો કોઈ જીવવાનો ઉદ્દેશ નથી હવે.

## ૩૪. વેપારની સલામતી માટે

એટલે મારી તમને બધાને પ્રાર્થના છે ભાઈ, કે જેટલી મદદ થાય એટલી કરજો, પણ પ્રેમથી કરજો. કંટાળાથી, દેખાદેખીથી કશું કરશો નહિ અને મારી આ એક વ્યાખ્યા મેં આપી છે. તમારી પાસે બે પૈસા છે, તો દાન એવી રીતે આપજો કે સમાજની સમગ્રતાને સ્પર્શે. એમાં પણ એક હકીકત છે. તમારે એમાં વિવેક રાખવો પડશે કે આ દેશમાં આપણે વેપાર અર્થે રહેલા છીએ, યાદ રાખજો. ભલે પછી આપણે આ દેશને પોતાનો કરી દઈએ, પણ આ વેપાર અર્થે રહેલા હોવાથી અનેક જાતનાં જેમ અળસિયાં ફૂટી નીકળે છે અને એવા બધા ફૂટી નીકળવાના, રાજકારણમાં અનેક જાતના પક્ષો. એટલે ફરીથી તમને કહું છું કે બધાને તમે થોડુંવત્તું આપીને રાજી રાખજો. એ તમારા કુટુંબના એક સ્વજન તરીકે કહું છું. અનુભવી તરીકે નહિ, પણ દુનિયાનો હું જાણકાર માણસ છું. તમારા કરતાં વધારે સાહેબ. અતિશયોક્તિ વિના હું વાત કરું છું અને હું કહું છું તમને કે ફાંકો રાખશો નહિ તમે. તમારા પૈસાનોય ફાંકો ના રાખશો. પૈસા તો તમારી પાસે છે એના કરતાં કરોડોગણા લોકોની પાસે વધારે છે. નમ્રતા તમે લોકોની

જોઈ નથી. એવા લોકોની પણ નમ્રતાનો તમને અનુભવ નથી, ખ્યાલ નથી. આપણે બહુ નાનકડા છીએ એ હિસાબે તો. ત્યારે આ ફાંકાબાંકા કાઢી નાખજો. પછી આ શરીર જતું રહેશે, ત્યારે તમને કોઈ કહેવા નહિ આવે ભાઈ.

અને બીજી એક હકીકત કે સમાજની સમગ્રતાને સ્પર્શે એવો જ સાચો પરમાર્થ કરજો. તેની સાથે અહીંયાંનો મુખ્ય ઉદ્દેશ વેપારનો છે. એટલે એની સહીસલામતીને માટે પણ આવા અનેક પક્ષો જે ફૂટી નીકળે અને આવે તેને કોઈ ને કોઈ રીતે સંતોષ કરજો, એને સંતોષ આપજો સાહેબ. ભલે એ પૈસા જતા હોય તો જાય. અને પરમાર્થને માટે નહિ રહે તો ના રાખશો ભાઈ. ના આપશો જાવ, પણ આ essential છે. આ જરૂરનું છે. એમાં તમે જીવ કચવશો નહિ. જીવને કચવાટ ના કરતા. બધાયને રાજી રાખજો. ઓછુંવત્તું જે તમારે આપવું હોય તે આપજો, પણ બધાને રાજી કરજો. વાતથી તથા કૉફીની સાથે નાસ્તાપાણી આપીને પણ રાજી કરજો. બહુ જરૂરનું છે. આપણા વેપારના અસ્તિત્વને માટે આ હકીકત essential છે. આનાથી વધારે તમને શું કહું ?

## ૩૫. નદીસમુદ્રમાં તરણસ્પર્ધા

હવે, આવી રીતે આ સાલ બીજું એક કામ કરવાનું કર્યું છે, તે કહેવાનું રહી ગયું. આ સાલ પણ એક સમગ્રતાને સ્પર્શે એવું એક કામ તો આ છે. તે, આખા હિંદુસ્તાનમાં પહેલવહેલું આપણે કામ લીધું છે. આમાં હિંદુસ્તાનમાં નદીઓમાં તરવાની હરીફાઈ આપણે કાઢેલી છે. બીજા કોઈને સૂઝેલું નથી. એક કાળ એવો આવશે ત્યારે કહેશે કે સાલા આપણો આટલો મોટો સમાજ અને

આટલા હજારો માઈલ દરિયાનો કિનારો પણ એને કોઈ ખૂંદનારો નીકળ્યો નહિ. આપણો સમાજ, એ સમાજની કેટલી લાચારી છે સાહેબ, ત્યારે એ કદર કરશે. એક કાળ એવો આવશે ત્યારે કહેશે. આખા હિંદુસ્તાનમાં તરવાની હરીફાઈ આપણે કાઢી. All India basis-અખિલ ભારતીય કક્ષાએ. નર્મદામાં પણ આપણે કાઢી છે.

એવી જ રીતે આપણા ગુજરાતની અંદર આ ખારવા-ખલાસી લોકોનું જીવનનું ખમીર-તેજ રહે, તેજસ્વી રહે એટલા માટે ખુલ્લા દરિયામાં ૩૫ થી ૪૦ માઈલ તરવાની હોડીઓની હરીફાઈ યોજી છે. કોઈની કલ્પનામાં પણ આ નથી આવતું સાહેબ, અને મને તો આપણા સમાજની લાચારી લાગે છે. આવાં આવાં કામ બહુ જ જરૂરનાં. આ કાળને અનુસરીને આ કામ છે. પરદેશોમાં તો આવી ઘણી હરીફાઈ થાય છે.

આપણે ત્યાં કેરાળામાં (કેરલ-મલબારમાં) પેલો ઉત્સવ કયો આવે છે ? (ઓનમ (ONAM) ઉત્સવ કેરલમાં દિવાળીની જેમ ખૂબ ઉત્સાહ અને ઉમંગથી ઉજવાય છે.) ઓનમમાં થાય છે ત્યાં આગળ. ખુલ્લા દરિયામાં નહિ પણ કિનારા ઉપર જ ત્યાં તો થાય છે. પણ આ તો ખુલ્લા દરિયામાં. તે આ વખતે સરકારને પૈસા આપ્યા. તે આ વખત પૂરતા જ. બાકી તો ચાળીસ હજાર રૂપિયા આપ્યા સરકારને કે આવી દર વર્ષે એના વ્યાજમાંથી હોડીઓની હરીફાઈ યોજવી.

## ૩૬. શ્રી કાંટાવાળા સાહેબની સહાય

અત્યારે આપણા સમાજની લાચારી એ છે કે સાચાં કામને કોઈ ગણતું નથી. આ બધા **મોટા**ના તુક્કા જ છે. ભલભલા

લોકો આવું સમજે છે, તો સમજવા દો એને. કાળ સમજાવશે સાચી રીતે તો, પણ આવાં કામ જે લેવામાં આવે છે, તે પૈસા વિના તો થાય નહિ, તો પૈસા તો ફાળા લઈને તો ઉઘરાવાય. ફરાય એવું નથી, પણ એવા સંબંધો ભગવાન મને મેળવી આપે છે. હું તો જોઈને તાજુબ થઉં છું. ભગવાનની લીલાને લીધે, મને કર્મને લીધે એવા બધા સંબંધો ઝટ મળી આવે છે. આ કર્મ લીધાં નહિ હોત તો એ સંબંધો મને આટલા વહેલા નહિ મળત. મારા મનથી એ તદ્દન સાચી અનુભવની હકીકત છે. તે કર્મને કારણે કાળને ટૂંકાવી દીધેલો છે. આ કાંટાવાળા સાહેબ (સ્વ. શ્રી કે. એમ. કાંટાવાળા સાહેબ, તે વખતના ગુજરાત રાજ્યના ચીફ ઇજનેર) મને એમાંથી જ મળ્યા અને એણે મને પ્રેમથી મદદ કરી છે સાહેબ. અને એવો બહાદુર માણસ સાહેબ. કાગળ ગયેલા આપણા ચીફ મિનિસ્ટર હિતુભાઈ સાહેબ ઉપર. હિતેન્દ્રભાઈ ઉપર કે આ માણસ, **મોટા**ને એની લાગવગ વાપરીને પોતાના હોદ્દાની રૂએ આટલા બધા રૂપિયા અપાવે છે. માટે, એના ઉપર કમિશન નીમો. પછી એમને બોલાવવામાં આવ્યા. તેઓ તો કહે કે નીમો. ''**મોટા**નું કામ ઉત્તમ છે. ગુજરાતનું છે. ગુજરાતનું નહિ પણ આખા હિંદુસ્તાનનું છે. આવું કોને સૂઝે છે ? દરિયામાં તરવાની હરીફાઈ યોજી છે. કોને સૂઝે છે ? આ ગુજરાતના વિદ્યાર્થીઓમાં નકારાત્મક tendency (વલણ)ના જાગે એટલા માટે ચાર લાખનું એણે ફંડ કર્યું છે. કોણે કર્યું છે ? કોઈ એક તો બતાવો. અને **મોટા**નો આશ્રમ ચૅરિટેબલ પબ્લિક ટ્રસ્ટ છે. રજિસ્ટર્ડ થયેલો છે. એની પહોંચો જે બધી, તે માણસોને જાય છે. કોઈ બીજી રીતે પૈસા અપાય છે એવું નહિ. હું આ

અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનનો કમિશનર હતો, ત્યારે મેં આંધળાં, લૂલાં, લંગડાં, આ કન્યાઓના આશ્રમો - બધે જ મેં મદદ કરેલી છે, જાહેર રીતે. તો કહે એ તો અમે જાણીએ છીએ. તો એવી જ રીતે આ **મોટા**નું કામ છે. પછી તો હિતુભાઈએ કહ્યું કે આ **મોટા**નું કામ બહુ સારી રીતે જાણે છે. એમનું કામ તો આખા ગુજરાતનું છે અને સારું છે.

પછી તો એમને કાંઈ બોલ્યા નહિ, પણ આવો બહાદુરીથી એણે જવાબ આપેલો, જરા પણ ડર્યા વગર. છાપાંમાં આવેલું કે પૂજ્ય મોટાને આટલા બધા પૈસા ઉઘરાવી આપે છે, પણ એ ડર્યો નથી. એવો બહાદુર માણસ સાહેબ. ત્યારે એ સંબંધ ભગવાનનો છે.

એને તમારા જેટલો તો ખરેખર પરિચય નથી સાહેબ. તમારા માટે જેટલું કામ કર્યું છે, એટલું મેં એનું કશું જ કામ નથી કર્યું. બિલકુલ નહિ. કશા જ ખપમાં એને નથી લાગ્યો, પણ કેટલો બધો એ મને ખપમાં લાગ્યો ? એવા કેટલાય માણસો છે, તે મને મદદમાં આવ્યા છે, વિના સંબંધે. હું કાંઈ સંબંધ શોધવા નથી ગયો.

આ રમણભાઈ અમીન સાહેબ, બહુ પૈસાદાર માણસ છે. એ પણ મને કેટલો બધો ખપમાં લાગ્યો છે ! ત્યારે આ સંબંધો તમારી સાથે છે, એનો મારા જીવનનો કોઈ હેતુ છે. તે હેતુ આ જન્મમાં તો હું ફળાવી શક્યો નથી. એને હું મારી લાચારીયે ગણતો નથી. લાચાર કેવી રીતે થાય અનુભવી ? **જેને શિર ધીંગો ધણી ગર્જે છે, એવો માણસ લાચાર થાય જ કેમ ? મારી લાચારી તો નહિ, તમારી લાયકાત નથી.** એ વાત મારા મનથી

સો ટકાની સાચી છે કે આ ભગવાનના માર્ગે એની અભિરુચિ–અભિરુચિના–એની અભિમુખતાના સંસ્કાર તમારા જીવનમાં આ કાળમાં જન્મે, પણ એવી કોઈ શક્યતા નથી, પણ હું સંબંધો રાખી રહ્યો છું અને સ્થૂળ ક્ષેત્રે પણ.

## ૩૭. મોટાનું ખૂન ના કરો

એટલે જીવું છું ત્યાં સુધી આવીશ. પ્રેમથી જેટલી મદદ થાય એટલી કરજો. ના થાય તોય મને વાંધો નથી, પણ તમારો ભાવ રાખજો. લાગણી રાખજો. મનમાં ઊંધા વિચારો ના રાખશો. ઘણાંએ મારાં ખૂન કરી નાખેલાં છે. એ તમને તમારે મોઢે કહું છું. પછી કોણ કહેશે ? શરીર નહિ હોય ત્યારે. હવે ગુરુમહારાજ કહે છે, જે સાચું હોય તે લોકોને કહેજે. મને ચાહે કે ના ચાહે એની મને પરવા નથી. મારો ભગવાન મને ચાહનારો બેઠો છે. તમે તો શું ચાહો છો ? કાંઈ હિસાબ નથી, એમ કહું છું તમને. તમે શું મદદ કરો છો ? એના કરતાં ઘણા મદદ કરનારા મને છે, પણ તેથી તમને હું ભૂલી શકું એમ નથી, કારણ કે જ્યારે મને કોઈ ઓળખતું ન હતું, તે કાળથી નંદુભાઈ મળ્યા, ત્યારથી તમારો બધાનો સંબંધ છે.

## ૩૮. મોટાને આપો છો તે સમાજને માટે છે

ત્યારે કાંઈ તમે ઓળખતા હતા એવું પણ ન હતું. ત્યારે તમે મને આર્થિક રીતે મદદ કરતા હતા એવું પણ ન હતું. બિલકુલ સાચી વાત છે. તમે વિચારી જોજો, ખોટું હોય તો. મદદ કરવા લાગ્યા છો, પણ એમાં હું કહું છું કે હું તો મારો ભાગ લઉં છું સાહેબ. માટે પ્રેમથી મારે માટે તમે આપશો તો સારી વાત છે અને આપો છો તે કાંઈ મને નહિ. આપો છો પણ તે સમાજને

માટે. તમે સમાજના એક યુનિટ (અંગ) છો. લોકો ગમે તે કરે, પણ તારા ભાવથી તું કર. પછી જે થવાનું હશે એ શા માટે તું વિચારે છે ? તમારી પાસે હોય તો આપો. એ ધર્મ છે આપણો. જેમ સ્વાર્થ અને પરમાર્થ છે તેમ, પણ એ તો ઊગે તો ઊગે - કે નાયે ઊગે. તોપણ જે મારું જીવન છે એને આજે હું સાબિત કરી આપવાને પણ ભગવાનની શક્તિથી તૈયાર છું.

## ૩૯. બ્રહ્માંડમાં કેટલીયે પૃથ્વીઓ છે

હવે થોડુંક જીવવાનું છે આ શરીર. અંદરનું ચેતન હંમેશાં જીવતું છે, અમર છે, એને કોઈ મરણ નથી. જન્મ નથી. કશું જ નથી, પણ અનંત જન્મથી આ સંકળાયેલું છે. ચેતનની સાથે ચેતનનો ધર્મ અવતરવું અને ઉપર ચડવું. એ ચેતન આ લીલા - રંગ ભરેલું છે. આ બ્રહ્માંડમાં એકીપળે - પળનીયે પળમાં અવતરે છે અને ચડે છે. એ પણ પ્રાયોગિક રીતે આ જગતમાં જોઈ શકાય છે.

આ કાંઈ એકલું જગત નથી આપણું. આ બ્રહ્માંડમાં આપણાં જેવી તો કેટલીયે પૃથ્વીઓ છે.

આપણા જેવાંય પાંચ તત્ત્વોવાળા કેટલાય જીવો છે. આપણા કરતાં ઊંચાય પ્રકારના છે, નીચાય પ્રકારના છે. ઉપરથી આપણે ત્યાં અવતરે. આપણે ત્યાંથી ઉપરે જાય છે, નીચે પણ જાય છે, પણ આ બધી હકીકત આપણા મગજમાં પેસી શકે એવી નથી, પણ આ એક બ્રહ્માંડમાં ભગવાનની એવી લીલા ચાલી રહેલી છે કે અવતરે છે અને ઉપર ચડે છે. ત્યારે એ તો હું અનુભવી રહ્યો છું. મારા જીવનમાં પ્રત્યક્ષ જોઉં છું.

## ૪૦. લક્ષ્મીનો સ્વાર્થી ઉપયોગ એ વ્યભિચાર છે

ત્યારે એ ભગવાનને આપણે નકારીશું તે નહિ ચાલે. ભગવાન પણ લક્ષ્મી સ્વરૂપે છે. લક્ષ્મીને ભોગવવી અઘરી છે સાહેબ પણ એનો ઉપયોગ ઉત્તમમાં ઉત્તમ છે. આપણે ભોગ ભોગવીએ છીએ લક્ષ્મીની સાથે. લક્ષ્મી તો શક્તિ છે. લક્ષ્મી એ ભગવાનની પ્રત્યક્ષ શક્તિ છે. ભગવાનને તો તમે નહિ ઓળખી શકો સાહેબ. લક્ષ્મીને આપણે ઓળખીશું. **પણ એ લક્ષ્મીની સાથે આપણે વ્યભિચાર કરી રહેલા છીએ. એ વ્યભિચાર કોઈ જોતા નથી અને સ્થૂળ વ્યભિચાર આવે તો એકદમ લોકોને અણગમો થાય છે. અલ્યા મૂરખાઓ એ તો તમે જાતે જ કરી રહ્યા છો. આવી શક્તિ જગતજનની જેના વડે આપણો બધો વ્યવહાર ચાલે, તેની સાથે સ્વાર્થ કરવો એ વ્યભિચાર છે.** લક્ષ્મીનો ગમે તેમ ઉપયોગ નહિ થઈ શકે, પણ એ આજે કોણ સમજે સાહેબ ? કોઈ સમજતું નથી. ઘણા ઘણાના જીવનમાં (સંપર્કમાં) આવ્યો છું. કોઈ આ હકીકત સમજતું નથી.

પણ આ તો કુટુંબનો મેળો છે. એટલા માટે તમને સાચી હકીકત કહું છું. આજે અને હવે વિશેષ બે-ચાર-પાંચ વર્ષ. બીજા બધા તો કહે છે કે **મોટા** તો દસ પંદર વર્ષ જીવશે. જિવાશે તો સારું. બનશે ત્યાં સુધી શરીર, જરા સરખી પણ તલભાર જેટલી પણ શક્તિ હશે, ત્યાં સુધી પરમાર્થ હું કર્યા કરીશ.

એ જ વ્યક્ત છે. બીજું તો ક્યાં ! અંદરના ચેતનને કોણ ઓળખે છે ? એની તાકાત નથી ઓળખવાની, પણ આ તો ખુલ્લી આંખે સમજી શકાય એવું છે. આ તો સાબિત થઈ શકે

એવું છે કે **મોટા**એ આટલું તો કર્યું. જોકે આ તમારા સમાજના પૈસા વડે કર્યું છે, પણ સમાજને જે નહિ સૂઝેલું એવું મૌલિક રીતે.

ચેતન અનુભવ પામેલો માણસ અનેક ક્ષેત્રે અનેક રીતે મૌલિક છે. એ પણ એક મોટામાં મોટી સાચી હકીકત છે સાહેબ. એટલે જીવીશ ત્યાં સુધી આવીશ તો ખરો અહીં. એમાં મારા મનથી બેમત નથી. અને તમારાથી બને તેટલી પ્રેમથી મદદ કરજો, કારણ કે તમારું છોકરું છું અને મેં કહ્યું તેમ સ્થૂળ રીતે પણ હું તમને વળગેલો છું. કેટલા પ્રેમથી. મને આવાં કામમાં—દેશનું પણ કામ છે, સમાજનું કામ છે. એટલે અહીં જે પૈસા જાણી જોઈને મૂકી રાખેલા હતા, તે ભગવાનની કૃપાથી ગુજરાત અને All India basisના પણ હતા, પણ આ સાલ તો આ કામ લીધું છે, Science Research Foundation U.G.C. એટલે University Grants Commission એમાં પૈસાની જરૂર છે. એટલે બેત્રણ હપતાથી, દિવાળી પછી તો અમે આ પૈસા લઈ લઈશું અને All India basisના છે, તેમાં ખરચી નાખીશું.

## ૪૧. ગુજરાતના પૈસાથી દક્ષિણ ભારતમાં સ્વિમિંગ પુલ કે તરણસ્પર્ધા નહિ થઈ શકે

કાલે ભાઈએ (નંદુભાઈએ) મને વાત કરી બેઠાં બેઠાં. અહીં તરવાની બાબતમાં, પણ અહીં કોઈ કરી શકે એટલા પૈસા તમારા તરફથી મળે તેમ નથી અને ગુજરાતના પૈસા લાવીને ખરચીશું એ મારાથી બની શકે એવું નથી. બે લાખ કે ત્રણ લાખ કે અઢી લાખ આવ્યા સિવાય તો અહીં સ્વિમિંગ પુલ નહિ થાય. એટલા પૈસા તમે કોઈ મને ચારપાંચ વર્ષે આપી શકો કે કેમ એ મારા

મનથી શંકા છે. એટલે એ કામ મારાથી નહિ થાય. તરવાની હરીફાઈને માટે તમને લોકોને મેં કેટલી વાર વાત કરી છે, પણ એમાં તમારો કોઈ interest (રસ) કે ખરેખરી ગરજ જાગી હોય તો ભગવાન જાણે !

આ કાવેરીની અંદર તરવાની હરીફાઈ જો કોઈ યોજે તો આજે પણ હું બેઉ ઠેકાણે કુંભકોણમ્‌માં અને ત્રિચિમાં પચીસ પચીસ હજાર રૂપિયા, આ જ ગોપાલદાસ મેમોરિયલ એવૉર્ડ તરીકે રાખવાની મારી તૈયારી છે, પણ એ કાંઈ થઈ શકવાનું નથી. અહીં સરકારની જ તૈયારી નથી પછી શું ? આ બીજા કોની વાત કરવી ? જે સરકાર સમાજને સમર્થ થવા ઇચ્છે છે, તે ગુણ વિના શી રીતે સમર્થ થશે ? ત્યારે એ પણ તૈયારી નથી સરકારની. એટલે એ વાત તો હવે જવા દઉં છું, પણ કાલે જે વાત નીકળી, ત્યારે મારે સ્પષ્ટતા કરવી જોઈએ **કે બે અઢી લાખ રૂપિયા તમે મને કોઈ આપી શકો એમ નથી. અને એ બનવાની વાત નથી અને ત્યાંથી (ગુજરાતમાંથી) પૈસા લાવીને હું અહીં કરાવું તે કોઈ કાળે નહિ બની શકે. અશક્ય વાત છે.** આ તમારાથી થાય તો જોજો. પણ એટલા પૈસા મારી પાસે નથી. પણ આવતી સાલને માટે તમે આપશો તો હું ખરચીશ. પણ આવતી સાલનાં કામ અંગે તો મેં તમને કહી દીધું છે. આવા All India basisના સંકલ્પ થયા છે અને ઠરાવો થતાં આ થશે. એ લોકો સ્વીકારવાનું તો કબૂલ થયેલા છે. એટલે હું બંધાઈ ગયેલો છું. એટલે એ દશામાં તો હું બીજું કાંઈ કરી શકું એમ નથી પણ તેમ છતાં જો તરવાની હરીફાઈ કાવેરીમાં થાય તો એને માટેની મારી તૈયારી છે. એ તમારાથી થાય તો પ્રયત્ન કરજો. અને પૈસા તો તમારી

પાસે જ માગવા આવીશ કે આવતી સાલને માટે તો મારે આ બે કામને માટે તો જોઈએ છે. All India basisના છે. આપણે All Indiaમાં જ છીએ અને આપણી પાસે બે પૈસા છે. આપણો આપવાનો પણ ધર્મ છે, પણ નહિ આપો તેનો મને અફસોસ નહિ થાય. આપશો તો આનંદ છે. નહિ આપો તોય આનંદ છે, પણ આ હકીકત મેં મારી સ્પષ્ટ કરી દીધી. જે વાતો નીકળી તેમાં પણ મેં તો બધું કહ્યું.

ચંદ્રકાંતભાઈના મનમાં એવું ખરું કે અહીં કરશે તો સારું, પણ શી રીતે કરશે ? સરકારને મેં આવી યોજનાઓ સ્વીકારવાનું કહ્યું. તમને બધાને પણ કહેલું. લાલાજીને કહેલું અને ચંદ્રકાંતને વાત કરેલી કે ભાઈ, અહીં કાવેરીમાં તરવાની યોજના ગોઠવાય તો જોજો, પણ સ્વિમિંગ પુલનું તો બની શકે એવી શક્યતા જ નથી, કારણ કે એ અઢી લાખ વિના એ થઈ શકે નહિ. હમણાં અમે સુરતમાં કરાવ્યો તો સવા લાખ અમે આપ્યા તોય એને તો ચાર લાખ રૂપિયા ખર્ચ થયો, કારણ કે એને Purification Plant (શુદ્ધિકરણની જોગવાઈ) નાખવો જોઈએ. નાહવા, કપડાં બદલવા માટેની ઓરડી જોઈએ. બહેનોને માટે જુદી જોઈએ. સુપરવાઈઝરોને માટે જોઈએ. તરનાર, શીખવનાર હોય તેને માટેની સગવડ જોઈએ. મને તો ઘણુંય સૂઝે છે. મારા મનમાં તો ઘણું છે, હજી કરવા જેવું દેશમાં, પણ પૈસા નથી.

## ૪૨. સુરતમાં બોટિંગ અને સ્વિમિંગ ક્લબ

તોપણ મને એમ થયું કે આ બાળકો તરતાં શીખે એ બહુ જરૂરનું, તો સુરતમાં બાળકોને માટે બાળસ્નાનાગાર મારે

કરાવવો છે. કોઈને સૂઝતું નથી આ. ઘણા પૈસાદાર છે સુરતમાં. આપણાં છોકરાં—નિર્દોષ બાળકો છબછબિયાં કરે પાણીમાં તો કેટલો કલ્લોલ કરતાં, કેટલો આનંદ આપણને જોઈને ઊપજે ? પણ એ ક્યાં છે આજે ? **છોકરાંઓ ઉત્પન્ન કરે છે, ધણી- ધણિયાણી. પણ એ બાળકોને કેમ કેળવવા, એનો વિકાસ કેમ થાય ? એ બહુ ઓછા લોકો જાણે છે** સાહેબ. અભ્યાસ કરીને હું કહું છું. જોઈને કહું છું, પણ હવે એ તો જવા દો. પણ મને રસ છે, બાળકોના જીવનમાં. એટલે હું બાળસ્નાનાગાર ત્યાં કરાવું. અને આજેય આપણા કુટુંબમાં પણ બાળકો તરવાનું શીખે એ બહુ જરૂરનું છે, પણ કોને પડી હોય છે ? (સગવડ નથી તેવાં બહાનાં કાઢે છે, પણ જેને કરવું છે તે અનેક રીતે કરી શકે.) આ જીવનમાં આ પણ essential છે. જરૂરિયાતની વસ્તુ છે.

લોકોને ઊગી ગયેલું નથી મનમાં. બાકી, તરવાની કસરત બહુ યોગ્ય અને ઘણા વખતે ખપમાં લાગે છે, આપણા જીવનમાં. અમારે ત્યાં પૂર આવ્યાં. શહેરમાં માથોડાં ઉપરાંત પૂર. આશ્રમમાં પણ છ છ ફૂટ પાણી. રસ્તા ઉપર પાંચછ ફૂટ પાણી અને શહેરમાં પણ આઠ આઠ ફૂટ પાણી થઈ ગયેલાં. ત્યારે આ અમે શરૂઆતમાં આ સુરતમાં તરવાની હરીફાઈ કરી. ત્યારથી એટલી બધી તરવાની પ્રવૃત્તિ તો ચાલી છે કે આજે દોઢસો દોઢસો છોકરીઓ વૅકેશનમાં નદીમાં તરવાનું શીખે છે અને છોકરાંઓ તો ચારસોની સંખ્યામાં. એને પણ અમે **સુરત બોટિંગ અને સ્વિમિંગ ક્લબ છે** એને પણ અમે દસ હજાર રૂપિયા અને તે દરિયામાં છોકરાં છોકરીઓ તરવાની

હરીફાઈને માટે આપ્યા છે. ત્યારે આ બધું કરાવવાને આપણી પાસે બે પૈસા હોય તો આવા જેનાથી સમાજમાં ગુણ પ્રગટે એવાં કામ કરાવવાની જરૂર, પણ તમારો એ વિષય નથી. પણ ફરીથી કહી દઉં છું, પગે લાગીને તમને કે રાષ્ટ્રીય પક્ષો, અનેક બધા ફણગા ફૂટશે. એ બધાને પણ થાય એટલું (આપજો). તમારે મોજશોખ કરવા હોય તો ઓછા કરો, પણ એને જો તમે નહિ સંતોષો તો આપણે પંચાતમાં મુકાઈ જઈશું. તો એ ધર્મ છે આપણો. તમારા બીજા ખર્ચ ઓછા કરજો, પણ આમને કોઈ ને કોઈ રીતે ઓછુંવત્તું આપીને સંતોષ-પ્રેમથી-સંતોષ કરજો.

*હરિઃૐ તત્ સત્.*

● ● ●

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪**થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હ્દયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | |
|---|---|
| ૧૩. આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. ભાવ | ૧૯૭૧ |
| ૧૭. જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. જીવનઆહ્‌લાદ | ૧૯૭૨ |
| ૨૬. રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. મોહ | ૧૯૭૩ |
| ૩૬. કૃપા | ૧૯૭૩ |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કૅન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

●

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

●

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિ:ૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિ:ૐ ॥

।।હરિઃૐ।।



- મળેલા જીવોની ભગવાન પરત્વે અભિમુખતા પ્રગટે, એ જ મારા હાલના જીવનનું કર્તવ્ય છે.
- હવે હું હેતુપૂર્વક સ્ત્રીનો જન્મ લેવાનો છું.
- અંધાધૂંધીનો કાળ આવવાનો છે.
- ચીજવસ્તુમાં પૈસા રોકજો.
- લક્ષ્મી એ ભગવાનની શક્તિ છે. તેની સાથે ભોગ ભોગવવો એ વ્યભિચાર છે.
- સમાજની સમગ્રતાને સ્પર્શે, એ જ સાચાં કર્મ.
- આ બ્રહ્માંડમાં આપણા જેવી કેટલીયે પૃથ્વીઓ છે.

॥હરિઃૐ॥

**પૂજ્ય શ્રીમોટાએ**
**અનેક મૌલિક કાર્યો માટે દાનગંગા વહેવડાવી છે :-**

- **પ્રકાશન :** (ગુજરાતીમાં) વેદ, વ્યાકરણ, બાલભારતી, કિશોરભારતી, અને જ્ઞાનગંગોત્રી.
- **સંશોધન :** ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રીસર્ચ, ઈન્ડિયન કાઉન્સિલ ઑફ એગ્રીકલ્ચર, યુનિવર્સિટી ગ્રાંટસ્ કમિશન વગેરે.
- **સાહસ :** અખિલ ભારતીય કક્ષાએ નદી, સમુદ્ર તરણ સ્પર્ધા અને મહિલાઓની સાઈકલ સ્પર્ધા.
- **સર્જન :** જિજ્ઞાસા, નિમિત્ત, રાગદ્વેષ, શ્રદ્ધા, સ્વાર્થ, અને શ્રીસદ્ગુરુ.

કિંમત : રૂ. ૫/-